સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી - ૨૦૧૫
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-

## મંગલ શિલાન્યાસ મહોત્સવ ભાવનગર











પ.પૂ. ધ.ધુ. શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ભાવનગર શહેરને આંગણે **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો 'મંગલ શિલાન્યાસવિધિ' કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. વડીલ સંતો, ભાવનગર સ્ટેટ મહારાજા સાહેબ, કલેકટરશ્રી, ધારાસભ્યશ્રી તથા યજમાનશ્રીઓ વગેરે...(તા. ૧૮-૧-૨૦૧૬)










**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ભાવનગરને આંગણે**
**પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો 'મંગલ શિલાન્યાસ મહોત્સવ' તથા**
**પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૧ થી ૧૯-૧-૨૦૧૬)**

૧. મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરતા પૂ. સ્વામી, ભાવનગર સ્ટેટ યુવરાજ શ્રી જયવિરાજસિંહજી ગોહિલ તથા યજમાનશ્રી. ૨. મંગલ ઉદ્બોધન કરતા યુવરાજ શ્રી જયવિરાજસિંહજી. ૩ થી ૬. કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરતા પૂ. સંતો-પાર્ષદો-હરિભક્તો. ૭. કથા અંતર્ગત ગાદિ-પટ્ટાભિષેક પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૮. રાસોત્સવ. ૯. અન્નકૂટોત્સવ. ૧૦-૧૧-૧૨. સમૂહ મહાપૂજા.




પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ભાવનગરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો 'મંગલ શિલાન્યાસ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૧ થી ૧૯-૧-૨૦૧૬)

૧. મહોત્સવના મુખ્ય યજમાન શ્રી ભાવેશભાઈ ગોરધનભાઈ દેસાઈ પરીવાર. ૨. કથાના મુખ્ય યજમાન શ્રી લાભુભાઈ પોપટભાઈ કાત્રોડીયા પરીવાર. ૩. મુખ્ય શિખર અને શિલાન્યાસવિધિના યજમાન શ્રી અશ્વિનભાઈ મગનભાઈ નાનજીભાઈ ગોળવીયા પરીવાર (ન્યાલકરણ ગ્રુપ - વડોદરા). ૪. ધર્મકુળ પૂજનના મુખ્ય યજમાન શ્રી અલ્પેશભાઈ ઝવેરભાઈ અણઘણ પરીવાર. ૫. ગાદિપટ્ટાભિષેક મહોત્સવના મુખ્ય યજમાન તથા શિલાન્યાસવિધિના યજમાન શ્રી બીપીનભાઈ શશીકાંતભાઈ પારેખ પરીવાર. ૬. નૃત્ય દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા સરધાર મંદિર છાત્રાલયના વિદ્યાર્થીઓ. ૭. મહોત્સવ તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શનાર્થે પધારેલ જગન્નાથપુરી મંદિરની જમીનના ઓનર શ્રીનિવાસજી શાહુ તથા મંદિરના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ પટેલ, શ્રી હેંમતભાઈ ઠક્કર. ૮. પૂ. સ્વામીનું પૂજન કરતા માન. શ્રી પ્રભાશંકર પટ્ટણીના પ્રપૌત્રશ્રી. ૯. મહોત્સવમાં પધારેલ પૂર્વગૃહમંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફીયા. ૧૦. લોકડાયરામાં શ્રી માયાભાઈ આહિર. ૧૧. સરધાર મંદિર છાત્રાલયના વિદ્યાર્થી મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ.








ગઢડા પ્રદેશના વલ્લભીપુર ગામને આંગણે યોજાયેલ હરિમંદિરમાં પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાવિધિ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૦-૨-૨૦૧૬)








ગોધરા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા. (૨૧-૧-૨૦૧૬)








મહાપ્રભુ શ્રી નીલકંઠવર્ણીના વનવિચરણ દરમ્યાનના પ્રાસાદિક સ્થાન શ્રી ગોપનાથ મહાદેવ (તળાજા)ના દર્શનાર્થે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ.સંતો-પાર્ષદો. (તા. ૧૮-૧-૧૬)








શ્રી રઘુવીરવાડી - વડતાલને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં યોજાયેલ બંને પૂ.બાળલાલજી મહારાજશ્રીનો કર્ણવેધ સંસ્કાર (તા. ૧૧-૨-૨૦૧૬)



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ : ૪, અંક : ૦૧, તા. ૨૦-૦૨-૧૬

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## અમૃતવાણી

“અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિશે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥ અને સર્વે જે સત્શાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે - તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે ॥૨૦૪॥ એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું. પણ પોતાના મનને જાણે તો કયારેય ન વર્તવું ॥૨૦૫॥ અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ॥૨૦૬॥ અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બાહેર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ॥૨૦૭॥ અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતા આવડતું ન હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું ॥૨૦૮॥ અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમ આદર થકી માનવી. ॥૨૦૯॥ અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે દૈવીસંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય, તેને આપવી અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥ સંવત ૧૮૮૨ અઢારસો બ્યાસીનાં મહાસુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે, તે પરમ કલ્યાણકારી છે. ॥૨૧૧॥”

શિક્ષાપત્રી - ભગવાન શ્રી સ્વામિનારાયણ

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | શિક્ષાપત્રી : માનવજીવન પદ્ધતિની નવી વિભાવના | ૦૬ |
| ૨. | શિક્ષાપત્રીમાં બતાવેલા આપણા છૂપા શત્રુઓ : ચા - કોફી - ચોકલેટ - સોફ્ટડ્રીંક્સ | ૧૩ |
| 3. | સત્સંગ સમાચાર પત્રિકા | ૧૯ |

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી ::

સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-

પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 200 (યુ.એસ.એ), : £ 125 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

‘ચિંતન કાર્યાલય’

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

Visit us : www.sardharkatha.com

www.swaminarayanvadtalgadi.org

E-mail :- chintankaryalay@gmail.com

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦

છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦




સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વલિખિત

# ॥ શિક્ષાપત્રી ॥

## માનવજીવન પદ્ધતિની નવી વિભાવના

**પા. હરિકૃષ્ણ ભગત** તથા **પા. પાર્થ ભગત** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

અત્યારનો **૨૧મી સદીનો સમય એટલે** વિજ્ઞાન અને ટેકનોલોજીના દરેક ક્ષેત્રોમાં રોજ-રોજ નવા-નવા સંશોધનો અને શોધખોળો કરતા, વિકાસના ક્ષેત્રે સતત હરણફાળ ભરતા **મોર્ડન માનવીનો યુગ** કે જ્યાં લાખો કિલોમીટર દૂર રહેલા પોતાના સ્વજન સાથે Video Calling કરી શકાય છે, જ્યાં આ આખી પૃથ્વીમાં કોઈ એક વ્યક્તિ હાલના સમયમાં ચોક્કસ કઈ જગ્યાએ છે એ જાણી શકાય છે, જ્યાં ભવિષ્યમાં વ્યક્તિના શરીરમાં વિવિધ સેન્સર ફીટ કરીને ધાર્યું કરી શકાશે. પરંતુ wait a minute ! આજના અને ભવિષ્યના આ સુખોને માણતા પહેલા Let's have a visit of 18th century. એક ઊડતી નજર એ ૧૮મી સદીના ભારત પર નાખીએ કે જ્યાં આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક-પારંપરિક મૂલ્યોને એકસાથે પતન થઈ રહ્યું હતું. સત્તાના કેફથી ચકચૂર થયેલા અને ભોગવિલાસી બનેલા રાજાઓ અત્યાચાર, ધર્મના નામે ઢોંગ કરતા પાખંડીઓ દ્વારા કરાતો અંધશ્રદ્ધાનો વેપાર, દીકરીને દૂધ પીતી કરવી, સતીપ્રથા, બાળવિવાહ જેવા અનેક સામાજિક કુરિવાજો વચ્ચે પીસાતી એ ભારતીય પ્રજાની સ્થિતિ કેવી દયાજનક હશે એની કલ્પના પણ ન કરી શકાય ! બરાબર એવે વખતે સમાજમાં સદાચાર લાવવા અને શુદ્ધ આધ્યાત્મિકતા-ધાર્મિકતાનું પુનઃસ્થાપન કરવા સર્વાવતારી ભગવાન શ્રી **સ્વામિનારાયણ રૂપી** સૂર્યનો ઉદય થયો. માટે જ સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** લખે છે : **'પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું....'**

પોતાના જીવન દરમ્યાન અનેક જીવાત્માઓનો મોક્ષ કરી, સદ્‌માર્ગે વાળી જ્યારે પોતાની માનુષિક લીલા સંકેલવાનો વિચાર ભગવાન શ્રી સ્વામિનારાયણને આવ્યો હશે ત્યારે નિશ્ચય જ આપણી જેવા કરોડો જીવાત્માઓ યાદ આવી ગયા હશે અને ભક્તવત્સલ ભગવાને ભવિષ્યમાં પણ આ **મોક્ષનો ધોરીમાર્ગ** સતત શરૂ રહે એ માટે ત્રણ **ગૂઢ સંકલ્પો** કર્યા. જેને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં વર્ણવ્યા છે : **પ્રથમ સંકલ્પ** મંદિરોની રચના કરાવું. જે પ્રમાણે અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડામાં ભવ્ય મંદિરો

નિર્માણ કરાવ્યા. **બીજો સંકલ્પ** શુદ્ધ ગુરુ પરંપરાની પ્રણાલિકા માટે પોતાના અત્યુત્તમ ધર્મવંશમાં, પોતાના સ્થાને આચાર્યપદની સ્થાપના કરવી. જે અંતર્ગત મહાપ્રભુ શ્રીહરિએ સં. ૧૮૮૨ના કારતક સુદ એકાદશીને દિવસે વડતાલમાં શ્રી રઘુવીરજી મહારાજ અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આચાર્ય તરીકે નિમણુંક કરી. અને **ત્રીજો સંકલ્પ** હું **શાસ્ત્રો** રચું અને રચાવું. એ અનુસાર ભગવાન શ્રીહરિએ શ્રીમદ્ સત્સંગિજીવન, વચનામૃત, ભક્તચિંતામણી, શ્રીહરિદિગ્વિજય, શ્રી નિષ્કુળાનંદ કાવ્ય જેવા અનેક ગ્રંથો રચાવ્યા અને સ્વયં પોતે પણ કલમ હાથમાં લઈને પોતાના **અંતર્ગત અભિપ્રાયરૂપે શિક્ષાપત્રી**ની રચના સં. ૧૮૮૨ના વસંતપંચમી, તા. ૧૨-૨-૧૮૨૬ના દિવસે કરી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે માત્ર ૧૧ વર્ષની નાની ઉંમરે સંસારનો ત્યાગ કરી કિશોરવયે સમગ્ર ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન અને બર્મા આદિક દેશોને આવરી લેતું આશરે ૧૨,૫૦૦ કિલોમીટરનું પરિભ્રમણ કરી, અનેક તીર્થોમાં ફરી સમાજમાં ફેલાયેલા ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે અંધાધૂંધી અને અંધશ્રદ્ધા, કુટેવો, વહેમોનું નિરીક્ષણ કર્યા પછી સમાજને **નવો રાહ** અને **નવી દિશા** આપવા માટે સમગ્ર શાસ્ત્રોના ગૂઢ રહસ્યોના નિચોડરૂપે સમાજને 'શિક્ષાપત્રી'ની ભેટ આપી. ભગવાન શ્રી સ્વામિનારાયણે ૪૯ વર્ષ આ પૃથ્વી પર રહીને અનેક અમાનવીય કાર્યો પૈકીનું એક કાર્ય એટલે શિક્ષાપત્રીની રચના. **શિક્ષાપત્રી એટલે** હિતનો ઉપદેશ આપતો સુલેખ. શિક્ષાપત્રી એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અતૂટ અને અમૂલ્ય બંધારણ. મનુષ્યે પોતાનું જીવન કેવી રીતે જીવવું તેનો માર્ગ દેખાડતું **અણમોલ શાસ્ત્ર.** માનવના વિચાર, વાણી અને વર્તનને પરિશુદ્ધ કરનાર આચારસંહિતાની **સૂત્રાવલી** એટલે શિક્ષાપત્રી. Shikshapatri is the very essence of all the scriptures in the form of a pocket-book. ફક્ત ૨૧૨ શ્લોકમાં ગૂંથાયેલ આ ગ્રંથ નાનકડો ગુટકો એ **૩૫૦થી વધુ ધર્મશાસ્ત્રોનો સાર** છે એ વાત માનવી કેટલી અઘરી છે ? આ ધરા પર ભગવાનના અનેક અવતારો થયા અને અનેક થશે, અનેક શાસ્ત્રો રચાયા અને રચાશે જ, પરંતુ સ્વયં ભગવાનના સ્વહસ્તે લખાયેલ એક અને માત્ર એક જ **અજોડ શાસ્ત્ર** છે : 'શિક્ષાપત્રી.' માટે જ Shikshapatri is considered as one of the most unbelievable tasks done by Lord Shree Swaminarayan.

શિક્ષાપત્રી એ ફક્ત એક ધાર્મિક ગ્રંથ જ નથી કે એને ફક્ત એક શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય પૂરતો જ મર્યાદિત ગણવાની ભૂલ ન કરી શકાય. કારણ કે એમાં આધ્યાત્મિકતાની વાતોની સાથે સાથે Manners (વિવેક-વર્તનમાં શુદ્ધિ)ની વાતો પણ છે, એમાં સદાચારની વાતોની સાથે સાથે Financial Management (નાણાકીય સંચાલન) અને Human Resource Management (કર્મચારી સંચાલન)ની વાતો પણ છે. કારણ કે શિક્ષાપત્રીમાં 'ક્યાં થૂંકવું ને ક્યાં ન થૂંકવું' જેવી તદ્દન સામાન્ય બાબતોથી માંડીને 'બ્રહ્મરૂપે થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી' જેવા આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખર સુધી પહોંચવાની વાત કરવામાં આવી છે. પ્રત્યેક વ્યક્તિ શાંતિની શોધમાં છે અને શાશ્વત શાંતિ એક ભગવાનમાં જ છે એ વાત પણ એ જાણે છે છતાં પણ એ માર્ગે ગતિ નથી કરી શકતો. કારણ કે એક તો સંસાર-વ્યવહારની આંટી-ઘૂંટી અને બીજું આધ્યાત્મિક માર્ગે યોગ્ય માર્ગદર્શનનો અભાવ.

ભગવાન શ્રીહરિ આ વાત જાણતા હતા કે, જીવ જો સંસાર-વ્યવહારમાં સુખી રહી શકશે તો જ એ ભગવાનનું ભજન કરી શકશે. માટે જ સંસારમાં સુખી રહી શકે એ માટેની ચાવીઓ ભગવાને શિક્ષાપત્રીના એ **અદ્ભુત શ્લોકો**ના રૂપમાં આપી અને એ પહેલા જ ભગવાને સ્વયં જ આ શિક્ષાપત્રીની મહત્તા બતાવતા ૭માં શ્લોકમાં લખ્યું કે, "અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે તે સર્વેના જીવને હિતની કરનારી છે." એટલે ભગવાન શ્રીહરિએ અહીંયા કહી દીધું કે, 'Shikshapatri is beneficial to all beings living on this earth.'

શિક્ષાપત્રીમાં આવેલા ૨૧૨ શ્લોકોને વિવિધ વિભાગોમાં વહેંચીને તે કેવી રીતે વ્યક્તિના સમગ્ર જીવનમાં જુદાં જુદાં સ્તરે ઉપયોગી છે એ જાણીએ :

### કુટેવો :

આજની આ Young Generationની શક્તિઓને રૂંધતું **સૌથી મોટું પરિબળ** કોઈ હોય તો એ છે કુટેવો. જેવી કે - ચોરી, વ્યભિચાર, જુગાર, જુદા-જુદા પ્રકારના વ્યસનો. જેવા કે - દારૂ, માંસ, ગાંજો, બીડી, તમાકુ, ગુટખા વગેરે. જેમાં ચોરી માટે ભગવાન શ્રીહરિ ૧૭ મા શ્લોકમાં કહે છે કે, "ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ **ચોરનું કર્મ** ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું." અહીં મહાપ્રભુ શ્રીહરિ ફૂલ જેવી નાનકડી વસ્તુ પણ એના માલિકને પૂછ્યા વિના લેવાની ના પાડે છે તો પછી અન્ય મોટી કિંમતી વસ્તુની તો વાત જ ક્યાં કરવાની ?

પેલી **વાર્તા** ખૂબ **પ્રસિદ્ધ** છે : એક ચોરને **ફાંસીની સજા** થઈ હતી અને તેને તેની અંતિમ ઈચ્છા પૂછવામાં આવતા તેણે પોતાની માતાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી અને માતાને તેની

સામે લાવતા જ તેણે પોતાની માતાના નાક પર જોરથી બટકું ભરી લીધું. તેનું કારણ પૂછતા તેણે કહ્યું : ''હું જ્યારે નાનો હતો અને પહેલીવાર જ્યારે મેં એક પેન્સિલનો ટુકડો ચોર્યો હતો ત્યારે આ માતાએ જ મને પ્રોત્સાહન આપ્યું હતું. પરંતુ જો એ વખતે એણે મને શિક્ષા આપી હોત તો આજે મારે ફાંસીએ ચડવાનો વારો ન આવત.'' અહીં એક બાબત વિશેષ નોંધવા જેવી એ છે કે, ભગવાન શ્રીહરિએ તો ધર્મકાર્યમાં દાન કરવા માટે પણ ચોરીની રકમ કે વસ્તુ આપવાની મનાઈ કરી છે. અને એ વાત ભગવાન શ્રીહરિના આશ્રિતોમાં પણ જોવા મળતી હતી.

એકવાર લોયામાં ભયંકર દુષ્કાળ પડ્યો, તેથી **ઘેલા ભક્ત**ના ઘરમાં અનાજ ખૂટી ગયું. પછી બન્ને પતિ-પત્ની દુષ્કાળ પાર ઉતરવા સુરત તરફ આવતા હતા. આગળ ઘેલા ભગત ચાલતા હતા ત્યાં તેમની નજર રસ્તામાં પડેલ સોનાના તોડા ઉપર પડી. તેથી ભગતે વિચાર કર્યો : ''છે સોનું, પરંતુ સ્વામિનારાયણ ભગવાને **પારકા ધનને લેવાની ના** કહી છે તથા મારા ગુરુ મુક્તાનંદસ્વામીએ પણ કંઠી પહેરાવતી વખતે કોઈની વસ્તુ લેવી નહિ એવો નિયમ આપ્યો છે, માટે એ **સોનું** મારે **ધૂળ સમાન** છે. પરંતુ પાછળ ચાલી આવતી મારી પત્ની, આ તોડાને જોઈ જશે તો દુષ્કાળને લીધે તેમને લેવાની ઇચ્છા થશે તો ભગવાનની આજ્ઞા લોપાશે, માટે તે સોના ઉપર ધૂળ નાખી દઉં.'' આમ વિચાર કરી ઘેલા ભક્તે સોનાના તોડા ઉપર ધૂળ નાખીને દાટી દીધો અને ચાલવા લાગ્યા.

તે સમયે તેમનાં પત્ની સાથે થઈ ગયાં અને વાંકા વળવાનું કારણ પૂછ્યું. ત્યારે ભગતે સર્વે વાત કરી. ત્યાં તો વાત સાંભળીને તેઓનાં પત્ની બોલ્યાં : ''ભગત! તમો તો પારકા ધનને ધન માનો છો ને ? અને તેથી જ ધૂળે કરીને દાટી દીધુંને ? પરંતુ મને તો સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો ત્યારથી હું પારકા ધનને ધૂળ સમજું છું, આજે તમોએ ધૂળ ઉપર ધૂળ શું કામ વાળી?'' પત્નીની વાત સાંભળી ઘેલા ભક્તે કહ્યું : ''તમે તો મારા કરતાં પણ સારી **સમજણ**વાળાં છો !!''

ભગવાનની આજ્ઞા મુજબ **નીતિમત્તા** રાખવાથી તેનું **ફળ** અવશ્ય મળે જ છે. અહીં અવશ્ય સાંભરી આવે જૂનાગઢનો એ ગોવો ભંગી. જૂનાગઢ રાજ્યના ઉચ્ચઅધિકારીના ઘરની સફાઈ કરતા ગોવાને શેઠાણીનો ગળાનો હાર મળ્યો ને તેને પાછો આપી દીધો. પરિણામે તેની પ્રામાણિકતાથી પ્રસન્ન થઈને અધિકારીએ ગોવાભક્તને મુકાદમ (મજૂરોના ઉપરી)ની ઊંચી પદવી આપી દીધી.

વ્યક્તિનો પરિવાર દુઃખી થઈ જાય છે તેના કારણરૂપ **વ્યભિચાર** અને બીજા **વ્યસનો** છે. જેને માટે ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના ૧૮માં શ્લોકમાં કહ્યું છે કે, ''અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારા વસ્તુ તે ખાવા નહીં અને પીવા પણ નહીં.'' અને વ્યભિચાર ન પ્રવર્તે એટલા માટે જ શ્રીજીમહારાજે સ્ત્રીઓ અને પુરુષોના મંદિરો અલગ કરાવ્યા. સંતો-પુરુષોને જ્યારે સાંખ્યયોગી બહેનો (ત્યાગી સ્ત્રીઓ) સ્ત્રીઓને ઉપદેશ આપે અને એવી જ રીતે પુરુષ ભક્તોને સંપ્રદાયના વડા એવા આચાર્યશ્રી જ્યારે સ્ત્રીભક્તોને એ આચાર્યના પત્ની (ગાદીવાળા માતુશ્રી) દીક્ષા આપે. અરે ! ભગવાન શ્રીહરિએ એ માટે જ શ્લોક ૧૩૫માં ગૃહસ્થ ભક્તોને પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ પણ કરવાની ના કહી. અને ૧૩૬મા શ્લોકમાં તો પોતાની મા, બેન અને દીકરી સાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે રહેવાની **મનાઈ** કરી. એ શ્લોકોની **મહત્તા** કદાચ ત્યારે બધાને નહીં સમજાણી હોય પણ અત્યારના સમયમાં રોજ રોજ વર્તમાનપત્રોમાં આવતી ખબરો દ્વારા સર્વ સમાજને એ નાની સરખી જણાતી એવી પણ આજ્ઞા લોપવાથી થતી મહા અવદશા જરૂર જાણી શકાય છે.

તો બીજીતરફ વ્યસનો પણ **પારિવારિક ખુશીઓમાં ઓટ** લાવી દે છે. આગળ કહ્યું એ પ્રમાણે મહાપ્રભુ શ્રીહરિએ જુગાર આદિક વ્યસનનો ત્યાગ કરવાનું કહ્યું. કારણ કે જુગાર એ વ્યક્તિના હસતા-રમતાં કુટુંબને ક્યારે ચોધાર આંસુએ રડવા મજબૂર કરી દે એ કહી ન શકાય. મહાભારતનું યુદ્ધ રોકી શકાત પણ આ મહાસંહાર થયો તેની પાછળના અમુક કારણોમાંનું એક કારણ એ હતું કે, યુદ્ધિષ્ઠિર મહારાજાનું જુગાર રમવું અને આશ્ચર્ય પમાડે એવી વાત તો એ છે કે સાક્ષાત ધર્મનું સ્વરૂપ કહેવાતા યુધિષ્ઠિર મહારાજાને પણ આ રમતમાં ક્યારે પોતાની પત્નીને દાવમાં મૂકી દીધી એનું પણ અનુસંધાન ન રહ્યું તો બીજા સામાન્ય જીવનું તો શું ગજું ? અને એ જ પ્રમાણે દારૂ-બીડી-સીગારેટ જેવા વ્યસનો પણ ત્યાગવા યોગ્ય જ છે. વિખ્યાત ઈતિહાસકાર **આર્નોલ્ડ ટોયન્બી** કહે છે કે, ''વિશ્વની ૨૧માંથી ૧૯ **સંસ્કૃતિઓ**નો **નાશ** શરાબને કારણ થયો છે.'' માટે જ એ સંસ્કૃતિનું સંરક્ષણ કરવા અને પોતાના ગુરુનું વચન પાળવા માટે સ્વદેહનું પણ બલિદાન આપવા તત્પર એ લોધીકાના દરબાર અભેસિંહજીને કેમ ભૂલી શકાય ?

સોરઠમાં **લોધીકા** નામનું ગામ છે. ત્યાંના રાજાના કુમાર **અભેસિંહજી** ગોપાળાનંદ સ્વામીના સમાગમથી મહાન ધ્યાની ભક્ત બની ગયા હતા. તેઓને એકવાર જામનગરના રાજદરબારમાં શુભ પ્રસંગે જવાનું થયું. જામ સાહેબની કચેરીમાં અભેસિંહજી પધાર્યા. પછી જામની આજ્ઞા થતાં નોકરો દારુની પ્યાલીઓ લઈને અનેક રાજ-રજવાડાના માલિકોને આપવા લાગ્યા.

પછી એક પ્યાલી અભેસિંહજી આગળ લાવવામાં આવી.

ત્યાંતો તેઓએ ચોખ્ખી ના કહી દીધી.તેથી નોકરે જામનગરના રાજા વિભા જામને કહ્યુઃ "બાપુ ! બાપુ ! આ અભેસિંહજી અમારો હાથ પાછો ઠેલે છે માટે તમો આવો."

તુરંત વિભા જામે હાથમાં પ્યાલી લીધી અને અભેસિંહજીને પીવા માટે તાણ કરી. ત્યારે તે ક્ષત્રિય શૂરવીર બોલ્યાઃ "મહારાજા ! મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી આગળ મેં નિયમ લીધો છે કે, આ મુખથી ક્યારેય દારૂ નહિ પીવ." ત્યારે વિભાજામ બોલ્યાઃ "દરબાર ! મારો હાથપણ પાછો ઠેલશો ?" ત્યાંતો સાથેના ચોવટીયા બોલી ઉઠ્યા : "હા...હા, બાપુની વાત સાચી છે, બાપુનું વેણ રાખો અભેસિંહજી."

તુરંત કમરમાંથી કટાર કાઢીને વિભા જામને આપતાં અભેસિંહજી બોલ્યાઃ "લ્યો આ કટાર અને પાડો છિદ્ર મારા ગળામાં. પછી ત્યાંથી દારૂને અંદર નાખો, એટલે તમારો હાથ પાછો ઠેલ્યો નહિ કહેવાય; બાકી મારા મુખથી દારૂ કદીપણ અંદર નહિ જાય." આવી દૃઢ ટેક જોઇને વિભાજામ રાજી થયા અને અભેસિંહજીને બાથમાં લઈને ભેટી પડ્યા અને 'અભેસિંહજી ખરેખર ભગવદીય છે; એને આવો દુરાગ્રહ ક્યારેય-કોઈએ પણ કરવો નહિ એવું ફરમાન પણ કરી દીધું.'

ખરેખર એ જાણીને આશ્ચર્ય થશે કે કારગીલના યુદ્ધમાં આપણા **૭૦૦ યુવાનો** શહીદ થયા પણ **સિગારેટ**થી દેશમાં **દર વર્ષે** ૭ લાખ ને ૩ હજાર લોકો મૃત્યુ પામે છે. અને જો આ વ્યસનો પાછળ થતો ખર્ચ જ અટકાવવામાં આવે તો દેશમાં ગરીબી, બેકારી જેવા **પ્રશ્નો**નું આપોઆપ **નિરાકરણ** થઈ જાય.

આ ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણે **અહિંસા**નું પણ ખૂબજ **પ્રતિપાદન** કર્યું છે. ૧૧ મા શ્લોકમાં કહ્યું છે કે, "જે અમારા સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી માત્રની હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જૂ-માંકડ, ચાંચડ આદિક જીવ તેમનીપણ હિંસા ક્યારેય ન કરવી." અહીં જો ઝીણા એવા જીવની પણ હિંસાની મનાઈ કરી હોય તો પછી મોટા જીવને મારવાની વાત જ ક્યાં રહી ? અને જો મારવાની વાત જ ન આવે તો પછી એને ખાવાની તો વાત કરાય પણ કઈ રીતે ? આ વાતને આગળ લખતા ભગવાન શ્રીહરિ ૧૩ મા શ્લોકમાં કહે છે કે, "સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી." કોઈપણ દેશમાં અત્યાર સુધી થયેલા **મોટા મોટા યુદ્ધો પાછળનું કારણ** જો કોઈ હોય તો આ **ત્રણ વસ્તુ** જ છે. અને આજે વર્તમાનમાં પણ **એ માટે જ અનેક પ્રકારના ગુનાઓ** નોંધાતા હોય છે. શિક્ષાપત્રીના ૧૪ મા શ્લોકમાં ભગવાન શ્રીહરિએ સ્વહિંસા એટલે કે આત્મહત્યા કરવાની પણ ના પાડી. જ્યારે ૧૬ મા શ્લોકમાં પોતાથી કે અન્યથી કોઈપણ પ્રકારની ભૂલ થઈ ગઈ હોય ત્યારે પણ ક્રોધના આવેશમાં આવીને પોતાના કે બીજાના અંગના છેદનની ચોખ્ખી ના પાડી. આમ, અહિંસા એ જ પરમ ધર્મ છે એવો આ શિક્ષાપત્રીનો આ ઉપદેશ જો સર્વ જનસમાજ પોતપોતાના હૃદયમાં જો ઉતારે તો રોજ થતી હજારો આત્મહત્યા અને અન્ય હિંસક ગુનાઓ ક્યારેય ન જ થાય. માટે જ ભારતના લોખંડી પુરુષ **સરદાર વલ્લભભાઈ પટેલ** શિક્ષાપત્રીનો મહિમા ગાતા કહે છે કે, "If people of India adopt and act according to the Shikshapatri, then all the police-stations and legal courts will become useless." એટલે કે જો દરેક ભારતવાસી આ શિક્ષાપત્રીનું પાલન કરે તો દેશમાં પોલીસ સ્ટેશનો અને ન્યાયાલયોની જરૂર જ ન પડે.

### વ્યવહાર :

ગૃહસ્થને જો આર્થિક સુગમતા હોય તો એ નિરાંતે **પ્રભુભજન** કરી શકે એ ન્યાયે ભગવાન શ્રીહરિએ **બોધ**ની ઘણી **વાતો** કરી. જેમ કે - ૧૪૧ મા શ્લોકમાં **બચત વિષે** વાત કરતા કહે છે કે, "પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય તેટલાં અન્ન-દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો." આગળ ૧૪૩ મા શ્લોકમાં તો ત્યાં સુધી કહે છે કે, "સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો." અને વળી ૧૪૪ મા શ્લોકમાં કહે છે કે, "પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી." ખરેખર આજે આ વાત એકદમ સત્ય પુરવાર થાય છે કે પોતાના સગા પુત્ર પર પણ જો અતિ વિશ્વાસથી વ્યવહાર કરવામાં આવે તો ક્યારેક વિશ્વાસઘાતનો ભય રહે છે અને આવી ઝીણી બાબતોની **સલાહ** તો ભગવાન વિના બીજું દઈ પણ કોણ શકે ? અને એ પણ આજથી ૨૦૦ વર્ષ પહેલા !! તો વળી ભગવાન શ્રીહરિ ૨૬ મા શ્લોકમાં કહે છે કે, "વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી." Curruption is one of the biggest burning problems in India. અને ખરેખર ભ્રષ્ટાચાર એ ભારત માટે અનેક મોટી સમસ્યાઓ પૈકીની એક સમસ્યા છે.

માટે જ ભ્રષ્ટાચાર કદાપિ ન કરવા ભગવાન શ્રી સ્વામિનારાયણે એ સમયથી જ શિક્ષાપત્રીમાં જણાવી દીધેલું છે. એ જ રીતે **સદાય સુખાકારી** માટે ભગવાન શ્રીહરિ ૩૬ મા શ્લોકમાં કહે છે કે, "વિચાર્યા વિના તત્કાળ કોઈ કાર્ય ન કરવું." માને કે અતિશય ક્રોધમાં અને અતિશય આનંદમાં વ્યક્તિ ક્યારેક એવું કામ કરી બેસે છે કે કોઈને એવું વચન આપી બેસે છે કે જેની માટે એને **આજીવન** પસ્તાવું પડતું હોય છે. માટે જ ભગવાન શ્રીહરિએ એમ કરવાની ના કહી. સામાન્ય જીવના

નાના-નાના વ્યવહારોની ભગવાન શ્રીહરિને કેટલી ચિંતા હશે કે ૧૪૫ મા શ્લોકમાં લખે છે કે, ''પોતાની ઉપજ અનુસાર જ નિરંતર ખર્ચ કરવો પણ એથી ઉપરાંત ન કરવો.'' જ્યારે ૧૪૬ મા શ્લોકમાં કહે છે કે, ''પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખર્ચ હોય તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું.'', ''અને વળી પોતા પાસે કોઈ કરજ માગતા હોય ને તે દઈ ચૂક્યા હોઈએ તો તે વાતને છાની ન રાખવી તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો.'' આમ, ૧૫૨ મા શ્લોકમાં કહેલા આ વિધાનોથી એટલો **ખ્યાલ** તો ચોક્કસ આવે કે - આ જીવ કોઈપણ રીતે કરીને વ્યવહારે સુખિયો થાય એટલું જ ભગવાન શ્રી સ્વામિનારાયણ ઈચ્છતા હતા. માટે જ **શ્રીહરિલીલામૃત** ગ્રંથમાં પ.પૂ ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી કહે છે કે : **'આ લોકનો ને પરલોક કેરો, રસ્તો મળે શાસ્ત્ર થકી ઘણેરો...'**

### વિવેક અથવા શિષ્ટાચાર :

વ્યક્તિના જીવનમાંથી વિવિધ કુટેવો નીકળી જાય અને બીજી તરફ વ્યવહારમાં પણ સુખી થઈ જાય અને એમાં વધારામાં જો **વિવેક** આવે, **શિષ્ટાચાર** આવે તો તો જેમ **સોનામાં સુગંધ** ભળે તેમ સામાજિક સ્તરના જીવનમાં પણ એની ખ્યાતિ વધી જાય. આ વિવેક એટલે બીજું કાંઈ નહીં પણ Manners. આ સમાજમાં અનેક પ્રકારના લોકો હોય છે તેમાં કોની સાથે કઈ રીતે વર્તવું, કઈ રીતે બીજાની **આમન્યા** જાળવીને પણ પોતાનાGoal (ધ્યેય) સુધી પહોંચી શકાય છે એવા Public Relation Managementની પણ અદ્‌ભુત વાત ભગવાન શ્રીહરિએ કરી ને આ વિષે ટકોર કરતા ૩૫મા શ્લોકમાં કહે છે, ''ગુરુનું અપમાન તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું.'' જ્યારે ૬૮ મા શ્લોકમાં કહે છે કે, ''જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે **યથાયોગ્ય** બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો.'' ૩૭ મા શ્લોકમાં કહે છે, ''પોતાના મુખે કરીને પોતાના **વખાણ** ન કરવા.'' જ્યારે ૭૫ મા શ્લોકમાં કહે છે, ''જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે **સન્માન** કરવું પણ સમદષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહીં.''

આમ, સમાજમાં રહીને ભગવાનની ભક્તિ કરતા સાથોસાથ Relationship Management કરી અને Etiquettesની સાથે તે પણ દુનિયા સાથે કદમથી કદમ મિલાવી શકે. અને ખરેખર ઉપરોક્ત **ત્રણેય શ્લોકો** આજના કહેવાતા High Profile Personalities (અત્યંત અમીર કે પ્રતિષ્ઠિત વર્ગના લોકો)માં જોવા મળે છે. ૨૦ મા શ્લોકમાં **ભગવાન શ્રીહરિ** કહે છે કે, ''પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે **મિથ્યા અપવાદ** આરોપણ ન કરવો ને કોઈને **ગાળ** તો ક્યારેય ન દેવી.'' અને આ વાત દર્શાવતો સંપ્રદાયનો એક **પ્રસિદ્ધ પ્રસંગ** છે : કમઢીયાના **કાચાભાઈ** સંધીએ એક દિવસ ખેતરમાં પોતાના બળદને ગાળ દેવાય ગઈ તો તેમણે બળદને **દંડવત** કરીને માફી માગી અને એક દિવસ **નકોરડો ઉપવાસ** કર્યો. તેમજ તરકતળાવના કરશન લુહારે ગામ છોડી દીધું પણ ગાળ ન બોલ્યા. ભગવાન શ્રીહરિ ૬૬ મા શ્લોકમાં કહે છે કે, ''જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો.'' અને ૬૭ મા શ્લોકમાં કહે કે, ''પોતાના જે **સેવક** હોય તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી.'' જ્યારે ૧૫૨ મા શ્લોકમાં કહે છે કે, ''પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું.''

આમ, કર્મચારી અને માલિકો વચ્ચેના સંબંધો અતિ સુમેળભર્યા બની રહે ને સંઘર્ષોને કારણે જ થતી હડતાળો ન થાય એવી દીર્ઘદષ્ટિ કરીને આ શ્લોકો લખવામાં આવ્યા છે. આમ કર્મચારી સંચાલન એટલે કે Human Resource Managementના સિદ્ધાંતો કે જે પાછળથી સમાજમાં વિવિધ અંગ્રેજ ચિંતકો દ્વારા જાણીતા બન્યા એ આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સમાવી લીધા છે.

### માનવતા :

'Humanity is nothing but just a part of Spirituality.' ખરા અર્થમાં જોઈએ તો માનવતા એ આધ્યાત્મિકતાનો જ એક ભાગ છે અને ધર્મ જ વ્યક્તિને સારા સંસ્કારો આપીને સાચા અર્થમાં માણસ બનાવે છે ને માણસ તરીકે જીવન જીવતા શીખવાડે છે.

**'કોઈને દુ:ખિયો રે દેખી ન ખમાય, દયા આણી રે અતિ આકળા થાય; અન્ન ધન વસ્ત્ર રે આપીને દુ:ખ ટાળે...'** દરરોજ બોલાતી **સ્વાભાવિક ચેષ્ટા**ની આ પંક્તિઓ ભગવાન શ્રીહરિના દયાળુ સ્વભાવને વર્ણવે છે. શ્રીજીમહારાજના આવા દયાળુ સ્વભાવ અને માનવતાના દર્શન નીચેના શ્લોકોમાં સ્પષ્ટ જણાય છે. ૧૩૯ મા શ્લોકમાં **ભગવાન શ્રીહરિ** કહે છે કે, ''અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે **માતા-પિતા** અને **ગુરુ** તથા **રોગાતુર** એવા જે કોઈ મનુષ્ય તેમની જે **સેવા** તે **જીવનપર્યંત** પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.'' અહીં પોતાના મા-બાપ અને

ગુરુજનોની સેવાની વાત તો સમજાય એવી છે પણ રોગાતુર એવા મનુષ્યની સેવા પણ જીવનપર્યંત કરવાની ભગવાન શ્રીહરિએ આજ્ઞા કરી. અને શ્રીજીમહારાજે પણ પોતાના સમયમાં અનેક સદાવ્રતો શરૂ કરાવેલા અને ઓગણોતેરા દુષ્કાળમાં પણ **અનેક ગરીબો**ને દરરોજ **ભોજન** કરાવતા હતા. જો કે હાલના સમયમાં તો જો આ એક શ્લોક પ્રમાણે ફક્ત પોતાના મા-બાપની સેવા યુવાનો કરવા માંડે ને તો પણ દેશમાં ચાલી રહેલા હજારો વૃદ્ધાશ્રમો બંધ થઈ જાય ને પરસ્પર પ્રેમનું નિર્માણ થાય. તેમજ **ભગવાન શ્રીહરિ** ૩૭ મા શ્લોકમાં કહે છે કે, "કોઈનો વિશ્વાસઘાત ન કરવો." Someone's trust on you for longtime will convert into Goodwill in Society. અમેરિકન **તત્ત્વચિંતક**નું આ **વાક્ય** સૂચવે છે કે લાંબા સમય સુધીનો કોઈએ તમારા પર મૂકેલો **વિશ્વાસ** એ સમાજમાં તમારી **એક અલગ ઓળખાણ** ઊભી કરે છે. આમ, સાચી **આધ્યાત્મિકતા** એ **માનવતા**ને પોતાની સાથે જ લઈ આવે છે.

### ➠સંગ :

ઉપરોક્ત તમામ પાસાઓ વ્યક્તિના જીવનમાં હોય પણ જો એક સંગ ફરી જાય એટલે **ખરાબ સોબત** થઈ જાય તોપણ જીવન **ધૂળધાણી** થઈ જાય છે માટે જ **ભગવાન શ્રીહરિ** કેવો સંગ રાખવો એનું વર્ણન કરતા ૨૭માં શ્લોકમાં કહે છે કે, "ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના મનુષ્ય તેમનો સંગ ન કરવો." આવા પ્રકારના માણસોનો સંગ તજવાનું **મુખ્ય કારણ** એટલું જ કે વ્યક્તિમાં પોતામાં કોઈ જ પ્રકારના દોષ નથી હોતા પણ સૌથી વધારે દોષો જીવનમાં આવવાનું કારણ **ખરાબ સંગતિ** હોય છે. તો વળી, ધર્મમાં અચળ શ્રદ્ધા ધરાવતા લોકોને કોઈ ધર્મના નામે છેતરી ન જાય, કોઈ તેમનો લાભ ન લઈ જાય એ માટે જાણે Red Light બતાવતા હોય એમ ભગવાન શ્રીહરિ ૨૮ મા શ્લોકમાં કહે છે કે, "જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો **સમાગમ** ન કરવો." કથાવાર્તા દ્વારા જ સત્સંગ થાય ને જીવનમાં સંસ્કારોનું સિંચન થાય પણ એ **કથાવાર્તા પણ કોની પાસેથી સાંભળવી** એનો **વિવેક** ભગવાન શ્રીહરિ શ્લોક ૨૫ મા કહે છે કે, "જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ અને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખ થકી ભગવાનની **કથાવાર્તા** ન સાંભળવી." આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે એકદમ સ્પષ્ટ રીતે **નિર્દેશનો** શિક્ષાપત્રીમાં કર્યા છે કે કોનો સંગ કરવો ને કોનો ન કરવો. "Man can be recognize by his company." એટલે કે માણસ કેવો છે તે જાણવું હોય તો તેનું **મિત્રવર્તુળ** કેવું છે એ જોતા જ જણાય આવે છે. આમ કહી શકાય કે શિક્ષાપત્રી એટલે માનવજીવનમાં થતા અકસ્માતોથી બચવા માટેની Safety Tool (સલામતીનું સાધન.)

### ➠જડતા નથી :

Bhagwan Swaminarayan himself was a very practical. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતે આ **શિક્ષાપત્રી**ને પાળવાની **આજ્ઞા** કરી પણ દૃઢતાથી પાળવાની પણ એમાં જડતાને કોઈ પ્રકારનું સ્થાન નથી. જડતા કેવી રીતે ? તો ભગવાન શ્રીહરિ પોતે નિશ્ચય જ **સત્યના હિમાયતી** હતા અને પોતાના ભક્તોને પણ સત્ય બોલવા જણાવતા. તેમ છતાં પણ અહીં ૨૬ મા શ્લોકમાં **ભગવાન શ્રીહરિ** કહે છે કે, "જે સત્ય વચન બોલવે કરીને **પોતાનો દ્રોહ** થાય તથા **પારકો દ્રોહ** થાય એવું જે **સત્ય વચન** તે ક્યારેય ન બોલવું." એટલે કે પોતાનો કે અન્ય કોઈનો પ્રાણ નાશ થતો હોય તો એવા આપત્કાળના સમયે જૂઠું બોલવામાં **નિષેધ** નથી. જેમ કે - કોઈ ગાય તમારી સામે દોડતી આવે ને એક ખાંચામાં જતી રહે અને પાછળથી જ કસાઈ આવતા હોય અને પૂછે કે ગાય કઈ બાજુ ગઈ છે અને જો સાચું કહી દઈએ તો ગાયની હત્યા નિશ્ચિત જ થાય ને ખોટું કહીએ તો જ એનો જીવ બચી શકે આ પ્રકારના સંજોગોમાં ઘાતક એવું સત્ય પણ ન બોલવાની વાત કરી છે.

તો વળી ભગવાન શ્રીહરિએ સૌ ભક્તોને પોતાની આવકનો **દશમો** કે **વીસમો ભાગ** મંદિરને અર્થે **દાન**માં આપવાની વાત કરી પણ એમાંય જડતા નથી રાખી. ભગવાન શ્રીહરિ ૧૬૭ મા શ્લોકમાં કહે છે કે, "વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું ને તેથી અધિક હોય તો આપવું." કારણ કે, વિધવા સ્ત્રી હોય ને એ પોતાના ભાગની મૂડી પણ જો ધર્મના કાર્યમાં વાપરી નાખે તો એ પરાવલંબી બની જાય, એને બીજાનો આધાર રાખવાની જરૂર પડે માટે જ ભગવાન શ્રીહરિએ આવી **આજ્ઞા** કરી. તો વળી ૧૫૩ અને ૧૫૪ મા શ્લોકમાં કહે કે, "જે ઠેકાણે પોતે રહેતા હોય તે ઠેકાણે કોઈક કઠણ ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય ને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય તોપણ તેનો **વિવેકી** એવા જે અમારા સત્સંગી **ગૃહસ્થ** તેમણે તત્કાળ ત્યાગ કરવો ને જ્યાં ઉપદ્રવ ન હોય એવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું."

આ તો ગૃહસ્થની ભક્તની વાત થઈ પણ ભગવાન શ્રીહરિએ પોતાના **ત્યાગી સંતો**ને ઉદ્દેશતા પણ ૧૮૨ મા શ્લોકમાં કહ્યું છે કે, "જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ

નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી.'' જો કે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતોને **અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય** રાખવાનું એવું પાંચ વર્તમાન પૈકીનું **નિષ્કામી વર્તમાન** પળાવ્યું છે અને નિષ્કામ શુદ્ધિના કુલ ૪૨ શ્લોકોમાં જ ભગવાન શ્રીહરિએ ૪૭ તો ઉપવાસો પ્રાયશ્ચિત્તરૂપે લખ્યા છે. જેમ કે - સ્ત્રીભક્તો સાથે અજાણમાં પણ વાત થાય તો એક ઉપવાસ કરવો, સ્પર્શ થઈ જાય તો એક ઉપવાસ કરવો, અરે ! એનો સંકલ્પ થઈ જાય તોપણ પ્રાયશ્ચિત્તરૂપે એક ઉપવાસ કરવાની ભગવાન શ્રી સ્વામિનારાયણે આજ્ઞા કરી છે. આમ છતા પણ અહીં ભગવાન શ્રીહરિએ ફક્ત આ રીતની સ્થિતિ હોય કે જેમાં બેમાંથી એકનો **પ્રાણ નાશ** થતો હોય ત્યારે છૂટ આપી છે. આમ, ખરેખર શ્રીજીમહારાજે દરેક રીતે પોતાના આશ્રિતોની **સંભાળ** રાખી છે પણ એમાં કોઈ જાતની કચાશ રાખી નથી.

**મહત્તા :**

વારંવાર મોક્ષની Examમાં (પરીક્ષામાં) ફેઈલ થતા અનંત જીવાત્માઓને આ વખતે પાસ કરાવવા જ્યારે કરુણાસાગર એવા અનંત કરોડો બ્રહ્માંડના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ જ દયાએ કરી જ્યારે **શિક્ષાપત્રી રૂપી અપેક્ષિત** આપી દે, પછી તો કહેવું જ શું ? આ ૨૧૨ શ્લોકોને જે જીવનમાં ઉતારશે, એ પ્રમાણે જીવન બનાવશે એ આ લોક અને પરલોકમાં નિશ્ચય જ સુખિયા થશે.

અને આ **શિક્ષાપત્રી**નો **મહિમા** ગાતા સ્વયં ભગવાન શ્રીહરિ ૨૦૪ મા શ્લોકમાં કહે છે કે, ''સર્વે જે **સત્શાસ્ત્ર** તેનો જે **સાર** તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉધ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે તો સર્વે મનુષ્યમાત્રને **મનવાંછિત ફળ**ની દેનારી છે.'' Shikshapatri is a wishing stone. માટે જ આગળ ૨૦૫ મા શ્લોકમાં **ભગવાન શ્રીહરિ** કહે છે કે, ''અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું.'' એટલો બધો ભાર ભગવાન શ્રીહરિએ શા માટે આપ્યો તો આગળના શ્લોકમાં કહે છે કે, ''આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ **ચાર પુરુષાર્થની સિદ્ધિ**ને નિશ્ચય જ પામશે.''

જેમ કોઈ વિદ્યાર્થીને IMP Notes હાથમાં આવી જાય પછી તે રાત-દિવસ એ વાંચવામાં, એનું **રીવીઝન** કરવામાં ડૂબી જાય એ જ રીતે જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી આ લોકમાં સુખી થવાના અને મર્યા પછી ભગવાન શ્રીહરિનું **સનાતન સુખ** પામવાના Pointsને પણ વારંવાર વાગોળવા જ પડે ને ? રખેને એમાં ભૂલાઈ તો નથી જાતું ને ? માટે જ મહાપ્રભુ શ્રીહરિ શિક્ષાપત્રીના ૨૦૮ અને ૨૦૯ મા શ્લોકમાં કહે છે કે, ''અમારા સત્સંગી તેમણે નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીનો **પાઠ** કરવો અને જેને ભણતા ન આવડતું હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું **શ્રવણ** કરવું ને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની **પૂજા** કરવી.'' અને આ જ વાતને ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા અંત્ય પ્રકરણના ૧લા વચનામૃતમાં પણ કહી છે કે, ''એ ત્રણેય વાનામાંથી જેને ફેર પડે એને એક ઉપવાસ કરવો એમ અમારી **આજ્ઞા** છે.'' કારણ ? તો ભગવાન શ્રીહરિ કહે, ''આ જે **અમારી વાણી** તે **અમારું સ્વરૂપ** છે.''

Which is the most complex machinary ever ? એટલે કે અત્યાર સુધીનું આ પૃથ્વી પરનું સૌથી જટિલ યંત્ર કયું છે ? જવાબ છે Human Body એટલે કે **માનવશરીર.** સપ્ત પ્રકારના ધાતુથી અને પંચભૂતથી બનેલું આ માનવશરીર એ અત્યાર સુધીનું વિશ્વનું સૌથી **જટિલ યંત્ર** છે. મોટા-મોટા અનેક વૈજ્ઞાનિકોએ જે શરીરનો અભ્યાસ કરવામાં પોતાની આખી જિંદગી ખર્ચી નાખી છે તેમ છતાં પણ જેનો સંપૂર્ણપણે પાર ન પામી શક્યા એવું જટિલ યંત્ર છે આ માનવશરીર. આજના લેટેસ્ટ સ્માર્ટફોન્સ, ટી.વી., રેફ્રિજરેટર કે અન્ય સાધનો ઘણાં મોંઘા હોય છે તો જેમાં જાતજાતની ને ભાતભાતની Circuits એટલે કે સામગ્રી હોય એવા આ માનવશરીરની કિંમત શું આંકવી ? જો લૌકિક **દૃષ્ટાંત** સાથે વાત કરવામાં આવે તો પેસેફિક કે એટલેન્ટિક જેવો મોટો મહાસાગર હોય ને તેમાં એક કાચબાને તરતો મૂકવામાં આવે અને બરાબર કાચબાની ડોકની માપની એક રીંગ પણ તેમાં તરતી મૂકવામાં આવે અને એ કાચબો અમુક વર્ષે એકવાર પોતાની ડોક પાણીમાંથી ઊંચી કરે ને બરાબર તે જ સમયે જો એ રીંગ એ ડોકમાં આવી જાય એટલે કે આવો Rarrest of the rare cases પ્રસંગ-ભાગ્યજોગ જ્યારે બને ત્યારે આ માનવશરીર મળે છે. હવે આવું અમૂલ્ય જીવન જેમતેમ વેડફવું એ તો જેમ હાથમાં આવેલ વિજય કોઈ ઝૂંટવી જાય એમ છે. અને એ **જીવનને જીવવાની** ખરેખરી **કળા** શિક્ષાપત્રી શીખવાડે છે. Shikshapatri teaches an Art of Living.

આમ, **શિક્ષાપત્રી એટલે** 'ધાર્મિક, સામાજિક, વ્યવહારિક, સાંસારીક અને રાજકીય બાબતોને ધ્યાનમાં રાખી માનવીના આધ્યાત્મિક અને વ્યવહારિક સફળ જીવનનો **રાહ ચીંધનાર** પથદર્શિકા.' શિક્ષાપત્રી એટલે સંસારરૂપી **ખારા સમુદ્ર મધ્યે** રહેલી એક **મીઠી વીરડી.** અને અંતમાં સંક્ષેપમાં કહીએ તો શિક્ષાપત્રી એટલે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને પામવાની **પુનિત પગદંડી.**



### સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્વલિખિત

# શિક્ષાપત્રીમાં બતાવેલા આપણા છૂપા શત્રુઓ : ચા - કોફી - ચોકલેટ - સોફ્ટડ્રીંક્સ

કોઈ સજ્જન **મુસાફર** પોતાના એક હાથમાં **દર્પણ** અને બીજા હાથમાં **હોકાયંત્ર** લઈને એક શહેરના રસ્તા પરથી પસાર થતો હતો. ત્યારે અન્ય વટેમાર્ગુએ તેને પૂછ્યું : ‘‘તમે હોકાયંત્ર કેમ રાખ્યું છે ?’’ જવાબ મળ્યો : ‘‘દિશા ભૂલેલાને દિશા બતાવવા.’’ અને ‘‘દર્પણ ?’’ ‘‘કોણ ભૂલું પડ્યું છે તે બતાવવા.’’ દૃષ્ટાંત ખૂબજ નાનું છે પણ **સિદ્ધાંત** ખૂબજ માર્મિક છે. એમ સમાજના કોઈપણ પ્રકારના વ્યક્તિ હોય પછી ભલે એ બાળક, યુવાન હોય કે વૃદ્ધ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, ભણેલ હોય કે અભણ હોય, ગરીબ હોય કે અમીર હોય, પરિણીત હોય કે અપરિણીત હોય, ગૃહસ્થ હોય કે ત્યાગી હોય. તમામને જીવનરૂપી સમંદરને પાર કરવા માટે **શિક્ષાપત્રીરૂપી હોકાયંત્ર** સાચી દિશા બતાવે છે અને વ્યક્તિ ગમે તેટલી ઊંચાઈએ પહોંચ્યા પછી પણ પોતે ક્યાં ભૂલો પડ્યો છે, પોતાના જીવનમાં ક્યાં ફેરફાર થયો છે એ **શિક્ષાપત્રીરૂપી દર્પણ**માં જોઈ શકે છે.

‘‘Shikshapatri is a mirror showing one’s position on spiritual as well as social path.’’ એટલે કે શિક્ષાપત્રી એ એક એવો અરીસો છે કે જે વ્યક્તિની આધ્યાત્મિક કે પોતાના સંસારી જીવન-સામાજિક જીવનમાં **પોતાની શું સ્થિતિ** છે તે દર્શાવે છે. ‘Each and every single letter of Shikshapatri is beneficial for mankind.’ એટલે કે શિક્ષાપત્રીમાં દર્શાવેલ **પ્રત્યેક અક્ષર** એ માનવજાત માટે **હિતકારી** છે. ક્યાંક આમાં થોડીક અતિશયોક્તિ થઈ ગઈ હોય એવું તો નથી ને ? ના. પણ કેવી રીતે આમ કહી શકાય ? તો આગળ જોઈએ.

4G ટેકનોલોજીના આજના અલ્ટ્રામોર્ડન (અત્યાધુનિક) યુગમાં, જ્યાં પ્રત્યેક સેકન્ડ પોતાની સાથે સફળતાની **નવી તક**

લાવતી હોય છે એવી જીવનની 'સુપરફાસ્ટ રોલર કોસ્ટર રાઈટ'માં આજનો યુવાવર્ગ પોતાની પર્સનલ, સોશ્યલ અને પ્રોફેશનલ લાઈફ વચ્ચે **બેલેન્સ** રાખવા ઘણું જ મથે છે. દિવસના કલાક ઘટતા હોય એમ નાઈટ શીફ્ટ્સ અને ઓવરટાઈમ કરવા મજબૂર બને છે. અરે ! જાણે કે સમયનો દુકાળ ન સર્જાયો હોય ! અને એ રોજબરોજની ભાગદોડમાંથી સર્જાતા સ્ટ્રેસ, ટેન્શન, ડીપ્રેશન જેવા મનોવૈજ્ઞાનિક રોગોના વળગાડથી બચવા, વધુને વધુ કામ કરવા, સતત કામ કરતા કરતા પણ આનંદમાં રહેવા માટે એ જે **'રામબાણ ઈલાજ'**નો પ્રયોગ કરે છે એ છે : 'ચા-કોફી-સોફ્ટ ડ્રીન્કસ-રેડબુલ-ચોકલેટ્સ વગેરે વગેરે...' હવે આવી રહેલ પરીક્ષાની સીઝનમાં છેલ્લી ઘડીએ 'જોર લગાકે હૈસો' કહીને રાતઉજાગરા ખેંચી લેવા માટે ચા-કોફીના થરમોસ કે મોંમા ચગળી ચાવીને દિમાગને ખબરદાર રાખનાર ચોકલેટ્સ સ્ટુડન્ટસના રણભૂમિમાં તરવરાટ અનુભવવાના શસ્ત્રો છે ! પણ આ વાતને આગળ વધારતા પહેલા જરાક Flashbackમાં જઈએ ! એક નજર આજથી ૧૯૦ વર્ષ પહેલા **ભગવાન શ્રી સ્વામિનારાયણે લખેલ શિક્ષાપત્રી**ના એક **શ્લોક** પર ઠેરાવીએ !

'व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः । द्यूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ।।' - અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જૂગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહી અને પીવાં પણ નહી. અહીં આપણે વ્યભિચાર, દારૂ કે તમાકુ કે ઉપરોક્ત દર્શાવેલ **મહાભયાનક** અન્ય વ્યસનો કે ડ્રગ્સમાં ઊંડા નથી ઊતરવું પણ ફક્ત એકજ લીટી 'કેફ કરનારા વસ્તુ ખાવા નહિ ને પીવા પણ નહિ'માં ડૂબકી મારીને આપણા જીવનમાં ચોંટેલા અનેક પ્રકારના **છૂપા મેલ**ને સાફ કરીએ. જેને આપણે ખૂબજ **હળવાશ**થી લેતા હોઈએ છીએ એવા વધુ કે ઓછી માત્રામાં કેફીન ધરાવતા આ પદાર્થો (ચા-કોફી-ઠંડાપીણા) શું ખરેખર ખાવા કે પીવા યોગ્ય છે ખરા ? આપણા વડીલો ઘણીવાર **ચા** કે **કોફી**ને પણ એક પ્રકારનું **વ્યસન** કહેતા હોય છે તો શું એ ખરેખર વ્યસન છે ખરું ? શું એ ધર્મસંમત છે ? આજનું **વિજ્ઞાન** એમને વિષે શું કહે છે ? આ પદાર્થો શું ખરેખર સફળતા અપાવવામાં મદદરૂપ થાય છે ? ક્યાંક એ આપણા શરીરને નુકશાન તો નથી પહોંચાડતા ને ?

ચા - કોફી - ઠંડાપીણા - ચોકલેટ... કોઈ લીલા પાંદડામાંથી બને છે તો કોઈ બ્રાઉન બીન્સમાંથી, કોઈમાં કોલાના ઠળિયા છે તો કોઈમાં કોકોનો પાવડર, પણ આ બધામાં કશુંક રીફ્રેશીંગ છે જે **લિજ્જત** આપે છે. જે ઘેન, સુસ્તી, થાક ખંખેરી થનગનાટભરી **સ્ફૂર્તિ** આપે છે, જેની આદત વારંવાર લેવાથી પડી શકે છે, જેનો જાદુ ફાઈટર પાઈલોટથી માંડીને નાઈટ વોચમેન સુધીનાને કપરી કસોટીમાં 'જાગતા' રાખે છે. અને આ ચમત્કારિક તત્ત્વનું નામ છે : 'કેફીન.' જેમ શરાબમાં આલ્કોહોલ કે તમાકુમાં નિકોટીન 'સ્ટીમ્યુલન્ટ' યાને જ્ઞાનતંતુઓ માટે **ઉત્તેજક તત્ત્વ** છે એમ કોફી બીન્સમાં કેફીન છે. કેફીનની **નામકરણવિધિ** ઈ.સ. ૧૮૨૦માં થઈ. જર્મન કેમિસ્ટ ફ્રેડબિલ ફર્ડિનાન્ડે 'કોફીમાં મળે તે' એવો અર્થ ધરાવતું નામ **'કેફીન'** વહેતું મૂક્યું. "Caffeine contained products are slow poison." એટલે કે કેફીન ધરાવતી ચીજવસ્તુઓ એ દારૂ કે અન્ય વ્યસનો જેવા તરત અસર કરતા પદાર્થો નથી પણ એ એક **ધીમું ઝેર** છે. જે લાંબાગાળે **ખૂબજ જોખમી** સાબિત થઈ શકે છે. આપણે ત્યાં કેફીન ધરાવતી ચીજોનો કારોબાર એવો ચાલે છે કે રોજ એના સરેરાશ દુનિયામાં ૪ આઉટલેટ્સ ખૂલે છે. શરીરમાં એડિનોસાઈન નામનું રસાયણ છે જે નેચરલ સ્લિપીંગ પુલ છે એના લીધે આંખોમાં ઘેન ઘેરાય છે. કેફીન લોહીમાં ભળીને એનું સંમોહન તોડે છે એટલે દિમાગ જરા ધમધમે છે અને **એનર્જી**નો **અહેસાસ** થાય છે. એવા કેફીનયુક્ત પદાર્થો જેવા કે ચા, કોફી, ચોકલેટ અને સોફ્ટડ્રીંક્સ (કોલ્ડડ્રીંક) આપણા શરીર માટે **ખૂબજ નુકસાનકારક** છે એ વિષે આપણા ધર્મને તો ૦.૦૦૦૦૦૦૧ ટકા જેટલી પણ શંકા નથી પણ છતાંય **પુરાવા** વિના તો વાત કેમ મનાય ? અને માનવી પણ ન જોઈએ તો આજનું આપણું **વિજ્ઞાન** આ વિષે શું કહે છે એ જાણવાનો પ્રયાસ કરીએ.

એક સર્વે પ્રમાણે ખાસ કરીને ભારતમાં સવારે **ઊઠતાવેંત જ** સૌથી વધારે પ્રમાણમાં બોલાતો એ એકાક્ષરી શબ્દ એટલે **'ચા.'** એમાંય હવે તો ઊઠીને કંઈ પણ કર્યા વિના પથારીમાં બેઠા બેઠા જ સૌપ્રથમ ચા લેવાની પ્રથમ એટલે કે 'બેડ - ટી' લેવાની સીસ્ટમ સમાજના અત્યંત શ્રીમંત વર્ગમાં વધતી જોવા મળે છે. આજના ગામડાઓમાં પણ આવું જ કંઈક જોવા મળે છે. ચોમાસાના દિવસોમાં વહેલી સવારમાં પતિ ઊઠતાવેંત જ પત્નીને કહે છે : ''ચા બા મૂકો.'' પત્નીનો પ્રત્યુત્તર પણ કંઈક આવો જ છે : ''પહેલા લાકડા લઈ આવો ને તાપ બાપ કરો.'' આમ, ચાના પ્રતાપે કરીને પતિ પોતાની પત્નીને 'બા' કહીને અને પત્ની પોતાના પતિને 'બાપ' કહીને સંબોધે છે. અને 'અરે ! જરા એક ચા લેતો આવજે...' આ શબ્દો વિનાનો ઓફિસનો દિવસ તો વાંઝિયો જ કહેવાય ને ! અહીં એક **દૃષ્ટાંત** યાદ આવે.

ચા સ્પેશ્યલના ? ૧૦ રૂપિયા., સાધારણના ? ૫ રૂપિયા.

રિઝર્વના ? ૨ રૂપિયા.

રિઝર્વ આપો. તમે ૨ રૂપિયામાં **રિઝર્વ** આપી તો ખરી પણ એ ભારે મસાલાદાર છે. એમ કેમ ?

એ તો એવું છે ને કે સ્પેશ્યલ અનેસાધારણ ચા પછી ઘરાકો જે ચા કપમાં છોડી જાય છે એ ચા આ અમે તમારા જેવા 'રિઝર્વ' ચાનો ઓર્ડર આપનારને પીવડાવીએ છીએ, પછી એ ચા

**મસાલાદાર** કેમ ન હોય ? આવી દશા છે ચાના રસિયાઓની !

ટૂંકમાં કેટલાય મઠ-મંદિરના મહંતથી લઈને મુસાફરી કરતા મજૂર સુધી ચા ના વ્યસનમાં ક્યાંય વર્ગભેદ કે ધર્મભેદ નથી. અરે ! સ્ત્રી-પુરુષ જાતિભેદ પણ નથી ! અને ખરેખર જાણીને આશ્ચર્ય થશે કે વિશ્વમાં પાણી પછી સૌથી વ્યાપકપણે વપરાતું પીણું 'ચા' છે. અને ખરેખર સર્વત્ર જ્યારે ચાની **બોલબાલા** છે ત્યારે એક નાનકડી બાળકીનો **ચા છોડ્યાનો** એ ખુમારીભર્યો **પ્રસંગ** આલેખવાનું મન થાય.

એક દિવસ સવારના પહોરમાં **રવિશંકર મહારાજ** પાસે એક નાનકડી બાળકી આવીને ઊભી રહી ગઈ. એના એક હાથમાં કોરી ડાયરી હતી અને બીજા હાથમાં બોલપેન. રવિશંકર મહારાજના હાથમાં એણે બોલપેન આપી.

"શું કરું આ પેનનું ?" રવિશંકર મહારાજે પૂછ્યું.

"દાદા ! મારે તમારા **હસ્તાક્ષર** જોઈએ છે."

"શું કરીશ હસ્તાક્ષરનું ?" "હું રોજ એના દર્શન કરીશ."

"હું હસ્તાક્ષર આપું તો ખરો પણ તારે કોક નિયમ લેવો પડશે." "શેનો નિયમ ?" "તું **ચા** પીએ છે ?"

"હા." "બસ, ચા ન પીવાનો **નિયમ** લઈ લે એટલે હસ્તાક્ષર આપી દઉં."

અને પળનોય વિચાર કર્યા વિના તે બાળકીએ નિયમ લીધો. રવિશંકર મહારાજે ડાયરીમાં હસ્તાક્ષર કરી આપ્યા એટલે બાળકી એમની પાસેથી ઉછળતી-કૂદતી રવાના થઈ ગઈ પણ એક દિવસ રવિશંકર મહારાજે તેના ટેબલ પર એક **કવર** જોયું. કોનો હશે આ પત્ર ? એ જિજ્ઞાસા સાથે કવર ખોલ્યું અને એમાં રહેલ પત્ર વાંચવાની શરૂઆત કરી. પત્રમાં લખાણ આ મુજબનું હતું : "દાદા ! પ્રણામ. આ પત્ર લખનાર હું એ બાળકી છું કે જેને તમે વર્ષો પહેલા હસ્તાક્ષરના બદલામાં ચા ન પીવાનો નિયમ આપ્યો હતો. તમે આપેલો એ નિયમ મેં આજ સુધી તો બરાબર પાળ્યો જ છે પણ હમણાં એક એવું ધર્મસંકટ આવી ગયું છે કે જેના કારણે મારે એ નિયમમાં બાંધછોડ કરવી પડે તેમ છે. વાત એમ બની છે કે અત્યારે હું મેટ્રિકમાં છું અને બોર્ડમાં નંબર મેળવવા માટે મારે વાંચવાની જોરદાર મહેનત કરવી પડે તેમ છે અને એ માટે હું તૈયાર છું. પરંતુ રાતનાંય મારે વાંચવું હોય તો ચા પીધા વિના હું ઉજાગરો કરી શકું એમ નથી તો તમે મને આટલા પૂરતી ચા પીવાની છૂટ આપો એવી મારી ઈચ્છા છે." **લી.** તમારી દીકરી.

આ પત્ર વાંચીને રવિશંકર મહારાજ ખુશ થઈ ગયા. તેમણે જવાબમાં એના પર **પત્ર** લખી દીધો : "બેટી ! તારું ભાવિ જો ઊજળું હોય તો તું ખુશીથી ચા પીવાનું ચાલું કરી દેજે એ માટે મારી તને **રજા** છે." આટલું લખીને તેમણે સહી કરી દીધી. અને વિશેષ કરીને એટલું લખી દીધું કે "બેટી ! લીધેલા નિયમમાં બાંધછોડ કરીને તું સ્કૂલની પરીક્ષામાં તો **પાસ** થઈ જઈશ પણ યાદ રાખજે કે **જિંદગીની પરીક્ષામાં** તું ધરાર **નાપાસ** થઈ રહી છે." બસ આટલું લખીને તેમણે પત્ર પોસ્ટમાં રવાના કરી દીધો એ પછી લગભગ પાંચેક મહિને રવિશંકર મહારાજ પર **પત્ર** આવ્યો. તેમાં લખ્યું હતું : "દાદા ! તમારો પત્ર મને સમયસર મળી ગયો હતો પણ પત્રમાંના વિશેષ લખાણે મને ખળભળાવી દીધેલી. મને સ્પષ્ટ ખ્યાલ આવી ગયેલો કે ચા પીવાની તમે મને આપેલી છૂટ એ મારી ઈચ્છાને સફળ બનાવવાની વાત હતી પણ તમારી ઈચ્છા તો **હું ચા ન પીવ** એ જ હતી. બસ મેં એ જ વખતે **નિર્ધાર** કરી લીધેલો કે બોર્ડમાં નંબર આવે કે ન આવે પણ નિયમમાં બાંધછોડ તો બિલકુલ નથી કરવી.

દાદા ! તમને એ જાણીને ખૂબ ખૂબ આનંદ થશે કે મેં તમે આપેલા નિયમમાં કોઈ જ બાંધછોડ નથી કરી. રાતમાં વાંચ્યું છે ઘણું પણ ચા પીધા વિના જ અને બોર્ડમાં હું **પ્રથમ નંબરે પાસ** થઈ છું સાથે જિંદગીની પરીક્ષામાં પણ મેં **સો ટકાનું પરિણામ** હાંસલ કર્યું છે. જેનું પરિણામ મેં આ પત્ર સાથે તમારી જાણ ખાતર બીડ્યું છે." બાળકીના આ પત્રે રવિશંકર મહારાજને આશ્ચર્યચકિત કરી નાખ્યા કે લીધેલો નિયમ એકબાજુ એણે પાળી પણ જાણ્યો હતો અને બીજીબાજુ અપેક્ષિત પરિણામ પણ એ લાવી જાણી હતી.

આ ચાનું **જન્મસ્થાન** યુનાન **પ્રાંત**ને ગણવામાં આવે છે. સને ૧૮૨૪માં બર્મા અને ભારતના આસામ રાજ્યની વચ્ચેની સરહદને સમાંતર ટેકરીઓ પર ચાના છોડ શોધાયા હતા. બ્રિટીશરોએ ભારતમાં સને ૧૮૩૬માં ચાની (ખૂબ જ મીઠી છતાં શોષક) સંસ્કૃતિની **શરૂઆત** કરી હતી. વર્ષ ૨૦૦૫માં દુનિયામાં ચાનું ઉત્પાદન ૩.૨૧ મિલીયન ટન હતું જ તે વધીને સને ૨૦૧૩માં ૫.૩૪ મિલીયન ટન થયું છે. એટલે કે ઉત્પાદનમાં ૬.૧૭ ટકાનો વધારો થયો છે. એકલા આસામમાં ૭૫ કરોડ અમેરિકન ડોલરનો ગ્લોબલ ટી બિઝનેસ છે. આ થઈ ચાની ચાહનાની વાત; હવે ચા થી શરીરને શું નુકસાન થાય છે એ વિષે જોઈએ.

### ➠ ચા થી થતું નુકસાન :

[1] Chance of Gastric Ulcers. : અતિશય પ્રમાણમાં ચાના સેવનથી **હોજરીમાં ચાંદા** પડવાની સંભાવના વધી જાય છે.

[2] Deficiency of Iron and Anemia. : ચામાં ટેનિક એસિડ રહેલો હોય છે જેને કારણે શરીરમાં **લોહતત્ત્વ**નો **અભાવ** સર્જાય છે.

[3] Affects on Kidney and Liver. : ચા વ્યકિતના **કીડની** અને **લીવર ઉપર** પણ **અસર** કરે છે જેથી લાંબા ગાળે કીડની અને લીવર સંબંધી રોગો થવાની સંભાવના વધી જાય છે.

[4] Tinted Teeth. : ચા આપણા દાંત માટે પણ

**નુકસાનકારક** છે. ચા પીવાથી આપણા દાંત પર **ડાઘ** પડે છે.

અહીં પૂર્વના દેશોમાં જે સ્થાન ચાનું છે એ જ સ્થાન પશ્ચિમના દેશોમાં **કોફી**નું છે. બરિસ્તા, નેસકેફે જેવી વિવિધ ફ્લેવર્સની કોફી બનાવતી જાતજાતની કંપનીઓ કે કોફી હાઉસો ભારતના મોટા મોટા શહેરોમાં પણ ઠેર ઠેર ખુલી રહ્યા છે. આવી કોફી પણ આપણા **શરીર**ને કેટલી **નુકસાનકારક** છે એ વિષે જોઈએ.

[1] Affects on Heart. : કોફીમાં રહેલ **કોર્ટીસોલ**નું **લેવલ** વધતા તે **હૃદય માટે નુકસાનકારક** બને છે. હૃદયમાં ધબકવાનું કાર્ય મુશ્કેલીથી થાય છે અને આ ઉપરાંત **હાઈ બ્લડપ્રેશર** પણ થાય છે. આ ઉપરાંત એમાં રહેલ ડીકાફ તત્ત્વમાં વિટામીન K નું પ્રમાણ અતિશય વધારે હોવાથી તે લોહીને ઘટ બનાવે છે એટલે કે લોહી જામે છે જે હૃદયના દર્દીઓ માટે **અત્યંત ભયજનક** છે.

[2] Birth defects. : કોફીના સેવનથી જન્મેલ **બાળકનું વજન** ઓછું રહેવાની શક્યતા રહે છે તેમજ **અધુરા માસે જન્મ** થવાની અને **કસુવાવડ** (ગર્ભસ્રાવ) થવાની સંભાવના રહે છે. આ ઉપરાંત ક્યારેક સ્ત્રીઓ ગર્ભ ધારણ કરવાની ક્ષમતા ગુમાવે છે.

[3] Digestive Disorders. : કોફીમાં રહેલ વિવિધ તત્ત્વોને કારણે તે વ્યક્તિની **પાચનપ્રક્રિયા** મંદ પાડે છે તેને પરિણામે **પાચન સંબંધી રોગો** થાય છે.

[4] Decerases Quality of Sleep. : કોફીના કારણે વ્યક્તિની **ઊંઘમાં ઘટાડો** થાય છે જે શરીર માટે **નુકસાનકારક** છે.

[5] Absorps the minerals and vitamins. : કોફી શરીર માટે જરૂરી મીનરલ્સ અને વીટામીન જેવા કે મેગ્નેશિયમ, ઝિંક, લોહ, પોટેશિયમનું **શોષણ** કરે છે કે તેમાં **અંતરાય** કરે છે.

[6] Contains Caffeine. : સૌથી અગત્યની વાત કે ચા હોય કે કોફી, બંનેમાં **કેફીન** રહેલું છે. સામાન્ય રીતે ત્રણ કપ કોફીમાં ૬૦૦ મિલિગ્રામ કેફીન રહેલું છે અને નાના કપ હોય તો ૩૦૦ મિલિગ્રામ. જ્યારે ચામાં એથી થોડું ઓછું હોય છે. પણ કેફીનને કારણે તે **કેલ્શિયમમાં ઘટાડો** કરે છે અને પરિણામે હાડકા નબળા પડે છે.

[7] Affects on Cholesterol level. : કોફી શરીરના **કોલેસ્ટ્રોલ લેવલ**માં **ફેરફાર** કરે છે. જો એની માત્રા વધી જાય તો શરીર માટે નુકસાનકારક સાબિત થાય છે.

પરંતુ કહેવાય છે ને કે 'Change is the only permanent thing in this world.' આ દુનિયામાં **એકમાત્ર** પરિવર્તન જ **શાશ્વત ચીજ** છે. એ ન્યાયે દુનિયાભરની **નવી પેઢી** શહેરીવર્ગમાં **ચા-કોફીની બદલે** કોકાકોલા, પેપ્સી, માઉન્ટન ડ્યુ જેવા સોફ્ટડ્રીંક્સ પાછળ ઘેલી છે. ગુજરાતમાં પણ ડાઈનીંગ ટેબલ પર છાશને બદલે કોલાના ગ્લાસ ભોજન સાથે ગટગટાવનારો આગવો **ટીનએજ સમુદાય** (૧૩ થી ૧૯ વર્ષની ઉંમરવાળા) છે અને કેફીનટેડ સોડા ડ્રીંક્સનું પણ ૫ અબજ અમેરિકન ડોલરનું **જબ્બર માર્કેટ** છે. 'યે પ્યાસ હૈ બડી', 'દિલ માંગે મોર', 'ઠંડા મતલબ કોકાકોલા', 'ડર કે આગે જીત હૈ', 'સીધી બાત નો બકવાસ', 'ટેસ્ટ ધ થન્ડર' જેવી **કેચી** ટેગલાઈન્સ, જોરદાર માર્કેટીંગ અને પોપ્યુલર સ્ટાર સેલીબ્રીટીઝ (ફિલ્મસ્ટારો, રમતવીરો) દ્વારા **એડવર્ટાઈઝીંગ**ની **ત્રિપુટી**ના માધ્યમથી ઠંડાપીણાની કંપનીઓએ યુવાનોને પોતાની તરફ વાળ્યા છે એમાં જરાપણ શંકાને સ્થાન નથી. પરંતુ આ વાત **આજનો યુવાન** 'The future of India' એનાથી થતાં **નુકસાન**ને ક્યારે સમજી શકશે ? આજે બહોળા પ્રમાણમાં પીવાતા આ ઠંડાપીણાઓથી આપણા શરીરને કેટલોક **ફાયદો** મળે છે એની ઉપર એક **દૃષ્ટિ** તો નાખવી જ પડે ને!

### ➠ઠંડાપીણાથી થતાં ફાયદા (કે નુકસાન) :

[1] Increases fat in body. : તેમાં કેલેરીનું પ્રમાણ ખૂબ રહેલું છે, જેના કારણે શરીરમાં અનેકગણું કેલેરીનું પ્રમાણ વધતા **વજન વધે** છે.

[2] Increases sugar level. : તેમાં એસ્પેરીટલ નામનું સ્વીટનર હોય છે. જેમાં સામાન્ય સુગરથી ૨૦૦થી વધુ મીઠાશ હોય છે. શરીરમાં સુગરનું પ્રમાણ વધવાને કારણે **ડાયાબીટીસ** થવાની **સંભાવના** રહે છે.

[3] Makes bones weaker. : શરીરમાં કેલ્શિયમનું પ્રમાણ ઘટાડે છે, જેથી **હાડકાં નબળા** પડે છે.

[4] Risk of the Tooth Decay. : તેમાં રહેલા એસિડને કારણે ટુથ એનામલ ડીઝોલ થાય છે, જેથી **દાંતના દુઃખાવા** જેવી **વિવિધ સમસ્યાઓ**ને નોતરે છે.

[5] Affect the kidney. : તેનાથી શરીરમાં થતાં એસિડીક અને મીનરલ અસંતુલને કારણે એસિડીટી દબાવવાની કોશિશમાં હાડકામાંથી **કેલ્શિયમ** છૂટું પડે છે, જે કીડનીમાં **સ્ટોનરૂપે** એકઠાં થાય છે અને પરિણામે **કીડની પર અસર** થવાની શક્યતા વધી જાય છે.

[6] Causes digestive imbalance. : આ પીણાં ફોસ્ફોરિક એસિડ હોય જે પેટના હાઈડ્રોક્લોરિક એસિડ પર પ્રભાવ નાખીને **પાચનક્રિયામાં દખલ** ઊભી કરે છે, પરિણામે પાચનમાં **સમસ્યા** ઊભી થાય છે.

[7] Causes dehydration. : આ પીણામાં **સુગર** અને **કેફીન** હોય છે જે બંને ડી-હાઈડ્રીક એજન્ટસ છે પરિણામે શરીરમાં **પાણીની ખામી** સર્જાય છે.

[8] Increases blood pressure. : તેમાં રહેલા કેફીનને કારણે ચીડીયાપણું, ટેન્શન અને બેચેની થવા લાગે છે

પરિણામે તેના સેવનથી **બ્લડપ્રેશરમાં વધારો** થાય છે.

[9] Kills Healthy Cells. : આ પીણાં **ઈન્જેક્ટેડ કાર્બનડાયોક્સાઈડ** હોય છે જે શરીરના કામના **ઉપયોગી કોષોનો નાશ** કરે છે.

[10] Weakens the Nervous System. : તેમાં રહેલા કેફીનને કારણે તે શરીરના **મજ્જાતંત્ર**-જ્ઞાનતંતુઓને નબળા પાડે છે અને ચા-કોફીમાં કેફીન રહેલો છે તેથી એથી પણ આવું **નુકસાન** થાય છે. જેને આપ યુટ્યુબ પર જોઈ શકો છે. (Youtube : - Ten Side Effects of Soft Drinks - Fitness Top 10)

આ ઉપરાંત **દિલ્હી**ની 'The Centre for Science and Environment (CSE)' એક રીચર્સ કરતી **સંસ્થાએ** પેપ્સી - કોક અને એવા બધા પીણાઓના **સેમ્પલ** લીધા. એની ચકાસણી કરીને પછી **રિપોર્ટ** આપ્યો કે, એમાં લીન્ડેન, મેલાથીલોન, ફ્લોર પીરીફોસ વગેરે વધુ પ્રમાણે છે. આ પેસ્ટીસાઈડસ અને ઈન્સેક્ટીસાઈડસ તો શરીર માટે **અત્યંત નુકસાનકર્તા** છે.

વર્ષ ૨૦૦૩માં દિલ્હીની સંસ્થાએ **પ્રયોગો** કરીને **જાહેરાત** કરી હતી કે, કોકાકોલા અને એવા અન્ય પીણાઓમાં રહેલા ટોક્ષીક પેસ્ટીસાઈડસને કારણે **કેન્સર** થવાની **સંભાવના** રહે છે અને તે શરીરની રોગપ્રતિકારક **શક્તિ**ને ઘટાડે છે. (You tube : - 5 Crazy Facts about Coca-Cola)

આવા સોફ્ટડ્રીંક્સનો ઉપયોગ ફક્ત પીવા માટે જ નથી, પણ અન્ય ઘણાંય **આશ્ચર્યકારી ઉપયોગો** છે. જેમ કે - ગુજરાતમાં ખેડૂતો કપાસના છોડ પર જંતુનાશક દવા છાંટે છે એ જ રીતે કર્ણાટક અને મહારાષ્ટ્રના ખેડૂતો કોકાકોલા, થમ્સઅપ, પેપ્સી જેવા સોફ્ટડ્રીંક્સનો ઉપયોગ કપાસના છોડ પર જંતુનાશક તરીકે કરે છે. આમ, તે પેટમાં **ઉત્તેજક તરીકે** જ્યારે બહાર પ્રકૃતિમાં **જંતુનાશક તરીકે** કાર્ય કરે છે.

૧. ગમે તેવું ગંદુ ટોઈલેટ (સંડાસ) થઈ ગયું હોય પણ મૂંઝાવાની જરૂર નથી ને એસિડની પણ જરૂર નથી, નિશ્ચિંત રહો ! તમે એને પ્યારા ઠંડાપીણાથી પણ વધુ સ્વચ્છ બનાવી શકો છો. જી હા ! પેપ્સી, કોકાકોલા, થમ્સઅપ જેવા ઠંડાપીણાનો ઉપયોગ સંડાસમાં **એસિડ તરીકે** પણ કરી શકાય છે. જેને આપ યુટ્યુબ પર વિડીયો જોઈ શકો છો. (Youtube : -The Effects Of Using Coke To Clean A Dirty Toilet)

૨. વળી એક નવી વાત પણ સામે આવી છે. જેમ દૂધને ઉકાળીને માવો બનાવવામાં આવે છે એ જ રીતે કોકાકોલા કે એની જેવા અન્ય પીણાઓને ૧૫ થી ૨૦ મિનીટ સુધી ઉકાળવામાં આવે તો તેથી માવાસ્વરૂપે આપણને **પ્લાસ્ટિક**ની પ્રાપ્તિ થાય છે. જેને આપ યુટ્યુબ પર વિડીયો જોઈ શકો છો. (Youtube : -Cold Drinks Side Effects कोल्ड ड्रीन्क खतरनाक है - Must Watch)

૩. વિદેશમાં થયેલા એક પ્રયોગ અનુસાર કોકાકોલાની એક **બોટલ**માં 'મેન્ટોસ'ની ફક્ત ત્રણ ગોળીઓ નાખી ઢાંકણું બંધ કરતા તુરંત જ જેમ ફટાકડાની વાટને સળગાવતા તેનો બ્લાસ્ટ થાય (ફૂટે) છે તેવી જ રીતે આ કોકાકોલાની બોટલનો પણ એ જ રીતે **બ્લાસ્ટ** થાય છે. તો પછી જરા વિચારો કે મેન્ટોસની ગોળી ખાધા બાદ પીવામાં આવતી કોકાકોલા આપણી હોજરીની શું દશા કરશે ? અને ખાતરી માટે આ વિડીયોને નિહાળી શકો છો. **(Youtube :- Blowing up a Mentos Coke bottle)**

૪. આ ઉપરાંત આ ઠંડાપીણાથી તમે કપડા પણ **સાફ** કરી શકો છો અને એ પણ એની માટે વપરાતા સર્ફેક્સલ, ટાઈડ, નિરમા જેવા **સ્પેશ્યલ ડિટર્જન્ટ**થી પણ વધુ ચોખ્ખા ! સફેદ કપડાં પરનો ચા, કોફી કે અન્ય કોઈ જિદ્દી ડાઘ કદાચ ઉપરોક્ત ડિટર્જન્ટથી ન જાય તો મૂંઝાવાની જરૂર નથી. એને દૂર કરવા એ તો આપણા ઠંડાપીણાનો **ડાબા હાથનો ખેલ** છે !!

૫. આ ઉપરાંત ચૂલા પર બળી ગયેલ વાસણમાં ઠંડાપીણા નાખી તેને થોડા દિવસ એમ જ રાખવાથી તે સાવ ચોખ્ખા થઈ જાય છે. આમ એક વાસણ સાફ કરનાર **લિક્વીડ જેટલી પ્રબળતા** એમાં હોય છે.

આ ઉપરાંત નીચેના મુદ્દાઓ જોતા જ **પ્રશ્ન** થશે કે કોલ્ડડ્રીંક્સને **એસિડની ઉપમા** દેવી કે ન દેવી ?

૬. ટાઈલ્સ (લાદી)ના સાંધામાં રહેલો કચરો દૂર કરવા તેમજ લાદીની સફાઈ માટે પણ આવા પીણા વપરાય છે.

૭. એલ્યુમિનિયમની કોઈપણ વસ્તુને સાફ કરી શકાય છે.

૮. ગાડીની બેટરી પણ સાફ કરાય છે.

૯. ગેરેજમાં રહેલ ઓઈલવાળી ગંદી લાદી કે ટાઈલ્સને પણ સાફ કરાય છે.

૧૦. તેનાથી ગમે તેવા કાટ દૂર કરી શકાય છે.

૧૧. કાચની બારી સાફ કરાય છે.

૧૨. આવા પીણાઓની મદદથી જૂના કોપરના (તાંબાના) વાસણો સાવ નવા જેવા ચોખ્ખા કરી શકાય છે. અહીં એ જણાવવાનું કે જે પીણાઓને આપણે આપણા પેટમાં પધરાવીએ છીએ એ પીણાઓથી બહારની દુનિયાનો ગંદામાં ગંદો કચરો સાફ થઈ શકે છે તો એ આપણા શરીર માટે કેટલું નુકસાનકારક હશે એ વિચારવું જ રહ્યું ને ? વધુ માહિતી માટે આ વિડીયો જુઓ **: (Youtube : -20 CRAZY EXPERIMENTS with COKE !! Cool science experiments you must watch! _Curiosity)**

હવે વાત રહી **ચોકલેટ**ની, એ તો નાના બાળકોથી માંડીને વડીલ-વૃદ્ધો સુધીના બધાને પ્રિય હોય છે. ફાઈવસ્ટાર, મંચ, ડેરીમિલ્ક, પર્ક કે પછી એના જેવી બીજી અન્ય ચોકલેટો આપણા **શરીર**ને કેવી રીતે **હાની** કરે છે એ વિષે જોઈએ.

[1] Contains Caffeine. : સૌથી મહત્ત્વની વાત એ છે કે ચા, કોફી, અન્ય ઠંડાપીણાની જેમ ચોકલેટમાં પણ કેફીન હોય

છે. જેથી કેફીનને પરિણામે થતાં **દરેક રોગોનું કારણ** બને છે.

[2] Low in Vitamins and Minerals. : જો તમે ચોકલેટને પોષક તત્ત્વે યુક્ત માનીને ઉપયોગ કરતા હોવ તો એ કહેવાનું કે ચોકલેટમાં શરીરને જરૂરી વીટામીન્સ અને મીનરલ્સ ખૂબજ ઓછી માત્રામાં હોય છે.

[3] High Sugar Content. : તેમાં સુગરનું પ્રમાણ ખૂબજ વધારે હોય છે, જેથી શરીરમાં **ડાયાબીટીશ** થવાની **સંભાવના** વધી જાય છે.

[4] Teeth problems. : ચોકલેટના નિયમીત સેવનથી **દાંતને નુકસાન** થાય છે. પરિણામે દાંતમાં સડો થઈ જાય છે કે ડાઘ પડી જાય છે.

આમ, કેફીનયુક્ત આ પદાર્થોનો ઉપયોગ ન કરવો એ જ આપણા માટે હિતાવહ છે. સને ૨૦૦૨માં એક યુનિવર્સિટી સ્ટુડન્ટે ૧૦૦ મિલિગ્રામના કપ કોફીમાં હોય એટલું કેફીન ધરાવતી **ટેબ્લેટ** ગળીને આપઘાત કરેલો !

'રેડબુલ' ડ્રીંક્સના **હાઈડોઝ** લગાવીને મેદાનમાં ઊતરેલો એક ૧૮ વર્ષનો બાસ્કેટબોલ ખેલાડી **હાર્ટએટેક**થી ગુજરી ગયો !

આમ તો **કેફીન ઈન્ડસ્ટ્રી** (પૈસે ટકે) તગડી હોયને **'સ્પોન્સર્ડ ફાયદા'**ઓ (પૈસા આપીને ફાયદાઓ દર્શાવતા લેખો)ના **વૈજ્ઞાનિક રીપોર્ટસ** વારંવાર આવા રહે છે પણ આ બનાવ બાદ યુરોપિયન યુનિયને એક **તપાસ સમિતિ** બનાવી જેના આધારે ૧ લીટર ડ્રીંન્કમાં ૧૫૦ મિલિગ્રામથી વધુ કેફીનનું પ્રમાણ ઊંચું ગણી એની **સૂચના** પેકિંગ પર લખવાનો **નિયમ** બનાવ્યો. તરસ છીપાવવા માટે કેફીનયુક્ત પીણાં ન પીવાની સૂચના વિકસિત દેશોએ જાહેર કરી. કારણ કે ડિહાઈડ્રેશનની પ્રક્રિયા રોકતો કોઈ ફાયદો નથી. (અર્થાત્ આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.)

કેફીનની ટેવ પડે પછી સવાર કે સાંજ એનો **નિયત ડોઝ ન મળે તો** ૨૪ કલાકમાં **લોહીનું પરિભ્રમણ વધી જાય** છે. એટલે પહેલા તો માથું દુઃખે છે, પછી **બેચેની** કે **કળતર** થાય છે. ઓસ્ટ્રેલિયન સાઈકોલોજીસ્ટ જેક જેમ્સે તો કેફીનયુક્ત પીણાના વિરોધમાં **ઝુંબેશ** ચાલુ કરી છે. જેમ્સના કહેવા પ્રમાણે કુદરતી રીતે ૮ કલાકની મીઠી ઊંઘ માણસ માટે અનિવાર્ય છે એ ટાળવાના **કૃત્રિમ પ્રયોગો** સરવાળે જ્ઞાનતંતુઓને થકવીને આરોગ્ય બગાડે છે. જેમ્સ માને છે કે, ચા-કોફી આપણી સંસ્કૃતિનો એવો **અમીટ હિસ્સો** છે કે વર્ષોથી એ **સહજ** બની ગયા છે માટે એ ન લો ત્યારે આપોઆપ એના 'વિડ્રોઅલ સીમટોન્સ' થાક કે ઘેન સ્વરૂપે વર્તાય છે. પછી કેફીન પેટમાં નાખવાથી એ દૂર થાય, એને આપણે **'અસર'** કહીને વખાણીએ છીએ ! વાસ્તવમાં એ અસર નથી, આદત છે ! અને એવું કહેવાય છે કે, 'Youth of today is a future of tomorrow.' એટલે કે **'આજના યુવાન એ આવતીકાલનું ભવિષ્ય છે'** પણ ચિંતાની વાત તો એ છે કે આવા કેફી દ્રવ્યોના **૯૦ ટકા**થી વધુ **વ્યસનીઓ** ૨૫ વર્ષ કે તેથી નાની વયના છે.

તો યુવા મિત્રો ! 'Temporary pleasures gives Permanent misery.' એટલે કે **ક્ષણિક આનંદ** એ કાયમ માટેનું **દુઃખ** દેતો જાય છે એ ન્યાયે **વિજ્ઞાનસંમત** આટલા **ગેરફાયદાઓથી ભરપૂર** આવા **ખાદ્ય** તેમજ **પેય પદાર્થો** આપણે શા માટે લેવા જોઈએ ?

અને સંસ્કૃતની **સૂક્તિ** પણ બતાવે છે કે, 'वनेपि सिंहा गजमांसभक्षिणो बुभुक्षिता नैव तृणं चरन्ति । एवं कुलीना व्यसनाभिभूताः न नीचकर्माणि समाचरन्ति ।।' અર્થાત્ ''જેમ વનમાં હાથીનું માંસ ખાનારો **સિંહ** ગમે તેટલો ભૂખ્યો થાય તો પણ ક્યારેય ઘાસ ખાતો નથી, તેમ ઉચ્ચ **કુલીન** (ખાનદાન) લોકો ગમે તેવા સંકટમાં હોય તો પણ ક્યારેય **નીચ** કર્મનું **આચરણ** કરતા નથી.'' આમ સિંહ જેવું પ્રાણી પણ જો માંસ નહીં મળે તો મરવાનું પસંદ કરશે પણ ક્યારેય ઘાસ તરફ નજર સુદ્ધાં નહીં કરે તો આપણે પણ શાસ્ત્રો અને વિજ્ઞાન દ્વારા **પ્રતિબંધિત** એવા અયોગ્ય **પદાર્થો**નું **ભક્ષણ** કરી શકીએ ખરા ?

માટે જ જો **શિક્ષાપત્રી**માં ભગવાન શ્રી સ્વામિનારાયણે લખેલ આ **એક શ્લોક**ના ફક્ત **એકજ પાદ**ને પણ પાળવામાં આવે તો ? કલ્પાનાતીત સુધારો સમાજમાં જોઈ શકાય. માટે જ તો મહાનુભાવોએ પણ ભગવાન શ્રીસ્વામિનારાયણે રચેલ આ **શિક્ષાપત્રી**ને ખૂબજ બિરદાવી છે.

➠ ''શ્રીજીમહારાજ તોડવાને નહીં, સમારવાને પ્રગટ્યા હતા. શિક્ષાપત્રીમાં સંસારની ને ધર્મની ફૂલવાડીઓના ફૂલક્યારાઓની **ભાંગેલી પાળો** શ્રીજીએ **સમારી** છે.'' - કવિ ન્હાનાલાલ

➠ ''મારી દષ્ટિએ શ્રીજીમહારાજની શિક્ષાપત્રી એ તંદુરસ્ત, સ્વચ્છ, સંસ્કારી, ગતિશીલ **સમાજજીવન માટે** પ્રેરણા આપતો, સૌ સ્વીકારી શકે એવો **ધર્મોપદેશ** છે. આ શિક્ષાપત્રીનો સદાચાર તરફનો ઝોક સ્વીકારીને, ઉદારતાપૂર્વક બીજાઓની ત્રુટીઓ તરફ લક્ષ્ય ન રાખી વિકાસ કરવાનો સમાજ **પ્રયત્ન** કરશે તો જરૂર સુખી થશે.'' - બાબુભાઈ જશભાઈ પટેલ (પૂર્વ મુખ્યમંત્રીશ્રી)

➠ ''શિક્ષાપત્રી એ **સ્વામિનારાયણ સંપ્રદાય**ની શ્રુતિ નહીં પણ **સ્મૃતિ** છે.'' - ભગવદ્ ગોમંડલ - ૮૩૨૩

તો આવો, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **વિશ્વ કલ્યાણ અર્થે** સર્વ જીવોના હિત માટે કરેલી શિક્ષાપત્રીની આ **અમૂલ્ય અમૃતકણિકાઓ**ની આજ્ઞાઓને **અક્ષરશઃ શિરોધાર્ય** કરી, તે પ્રમાણે અનુસરી આ **૧૯૧મી શિક્ષાપત્રી જયંતી**ને વધાવીએ.



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી







સુરત શહેરને આંગણે ૨૪ કલાક એલર્ટ ન્યુઝ ચેનલની ઓફિસનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.






વડતાલ પ્રદેશના ડભાસા (તા. પાદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ.






વડતાલ પ્રદેશના જેસીંગપુરા (તા.બોડેલી) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ.






ગઢડા પ્રદેશના વાંશીયાળી (તા. સાવરકુંડલા) ગામને આંગણે નવનિર્માણ શ્રી રામજી મંદિરનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.








વડતાલ પ્રદેશના સુણાવ (તા. પેટલાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ તથા શાકોત્સવ






વડોદરા શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ અમેરિકાના સ્ક્રેન્ટન ખાતે એક્સીડન્ટ ઘટનામાં ધામ સિધાવેલ ભક્તોની શ્રધ્ધાંજલી સભા.






ગઢડા પ્રદેશના મહુવામાં નવનિર્માણ શિખરબધ્ધ મંદિરમાં પ્રથમ શિલા સ્થાપન પ્રસંગે પૂજનવિધિ કરતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.






વડતાલ પ્રદેશના કડધરાપુરા (તા. વાઘોડીયા) ગામને આંગણે નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.






ગઢડા પ્રદેશના ભંડારીયા (તા.રાજકોટ) ગામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી યોજાયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ખાતમુહૂર્તવિધિ.






વડતાલ ગોમતી સરોવરમાં માઘસ્નાન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-ભક્તો તેમજ સરધાર મીન સરોવરમાં માઘસ્નાન કરતા સંતો-ભક્તો.






વડતાલ પ્રદેશના અલારસા (તા.બોરસદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ.






વડતાલ પ્રદેશના માંડવી (સુરત) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ.






નવસારી શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ.






વડતાલ પ્રદેશના ડભોઉ (તા. માતર) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ તથા શાકોત્સવ






વડતાલ પ્રદેશના પીપળાવ (તા.પેટલાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ.






ગઢડાને આંગણે પૂ. પુરાણી સ્વામી શ્રી જગતપ્રકાશદાજીની દશાબ્દિ વર્ષ સ્મૃતિમાં યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.






અમદાવાદ શહેરને આંગણે યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી.










બોરિવલી (મુંબઈ)ને આંગણપ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ પધરામણી મહોત્સવ પ્રસંગે મંદિરમાં સત્સંગ સભા તથા હરિભક્તોના નિવાસસ્થાને પધરામણી.





વડતાલ પ્રદેશના વ્યારા (તા. વડોદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ તથા શાકોત્સવ






માઘસ્નાન પ્રસંગે ઉભરાટ (સુરત)ને આંગણે યોજાયેલ સમુદ્ર સમૂહ માઘસ્નાન તેમજ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી





પાદરીયા (તા. ભરૂચ)ને આંગણે આગામી વાર્ષિક મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી





ભાવનગરને આંગણે નૂતન મંદિરના પટાંગણમાં રવિ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

# નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા તથા કથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૫-૨-૨૦૧૬ થી<br>૨-૩-૨૦૧૬ | મહા વદ - ૩ થી<br>મહા વદ - ૮ | મંદિર પંચાબ્દી<br>મહોત્સવ | મુ. શ્રી સ્વા. મંદિર - કાલોલ, જી. પંચમહાલ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૩૭૬૧૭૭૫૯૯ |
| ૨. | ૧-૩-૨૦૧૬ થી<br>૫-૩-૨૦૧૬ | મહા વદ - ૭ થી<br>મહા વદ - ૧૧ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>મહા વદ - ૧૧ | મુ. શ્રી સ્વા. મંદિર - અભલોડ, તા. જી. દાહોદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૭૩૭૨૪૯૭૭૨ |
| ૩. | ૫-૩-૨૦૧૬ થી<br>૯-૩-૨૦૧૬ | મહા વદ - ૧૧ થી<br>મહા વદ - ૩૦ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>મહા વદ - ૧૧ | મુ. શ્રી સ્વા. મંદિર - ખરોડ, તા. લીમખેડા, જી. દાહોદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૭૮૨૫૫૭૩૩ |
| ૪. | ૧૧-૩-૨૦૧૬ થી<br>૧૫-૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૩ થી<br>ફાગણ સુદ - ૭ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>ફાગણ સુદ - ૩ | મુ. શ્રી સ્વા. મંદિર - સર, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૫. | ૧૧-૩-૨૦૧૬ થી<br>૧૫-૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૩ થી<br>ફાગણ સુદ - ૭ | પ્રતિષ્ઠા મહોત્સવ<br>ફાગણ સુદ - ૩ | મુ. શ્રી સ્વા. મંદિર - ઉમરાળી, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૬. | ૧૬-૩-૨૦૧૬ થી<br>૨૦-૩-૨૦૧૬ | ફાગણ સુદ - ૮ થી<br>ફાગણ સુદ - ૧૨ | સત્સંગ સમારોહ<br>સમૂહ મહાપૂજા | મુ. નૂતન શ્રી સ્વા. મંદિર - જગન્નાથપુરી (ઓરિસ્સા)<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫, ૦૯૪૩૭૦૭૧૧૪૦ |
| ૭. | ૨૪-૩-૨૦૧૬ થી<br>૨૮-૩-૨૦૧૬ | ફાગણ વદ - ૧ થી<br>ફાગણ વદ - ૫ | મંદિર પંચાબ્દી<br>મહોત્સવ | મુ. શ્રી સ્વા. મંદિર - શંકરપરા, જી. બોટાદ<br>સંપર્ક :- મો. ૯૪૨૮૧૦૮૧૭૫, ૮૧૨૮૨૭૬૩૫૧ |
| ૮. | ૨૮-૩-૨૦૧૬ થી<br>૫-૪-૨૦૧૬ | ફાગણ વદ - ૫ થી<br>ફાગણ વદ - ૧૩ | જગન્નાથપુરી<br>મહોત્સવ | મુ. 'હરિકૃષ્ણ ગ્રાઉન્ડ' શ્રી સ્વા. મંદિર-સીમાડા, સુરત<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૨૧, ૮૦૦૦૦૫૮૫૦૩ |
| ૯. | ૧૩-૪-૨૦૧૬ થી<br>૨૧-૪-૨૦૧૬ | ચૈત્ર સુદ - ૭ થી<br>ચૈત્ર સુદ - ૧૪ | જગન્નાથપુરી<br>મહોત્સવ | મુ. લાલબહાદુર સોસા. કોઠારીયા રોડ, રાજકોટ.<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫, ૯૮૭૯૭૧૨૭૬૮ |
| ૧૦. | ૨૩-૪-૨૦૧૬ થી<br>૨૭-૪-૨૦૧૬ | ચૈત્ર વદ - ૧ થી<br>ચૈત્ર વદ - ૫ | શ્રી સ્વામિનારાયણ<br>બાળયુવા મહોત્સવ | મુ. શ્રી સ્વા. મંદિર - સરધાર, તા.જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫ |
| ૧૧. | ૨૮-૪-૨૦૧૬ થી<br>૬-૫-૨૦૧૬ | ચૈત્ર વદ - ૬ થી<br>ચૈત્ર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | મુ. મોટા ઝીંઝુડા, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૮૧૪૧૯૫૯૪૫૯ |
| ૧૨. | ૭-૫-૨૦૧૬ થી<br>૧૩-૫-૨૦૧૬ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૭ | પ્રથમ વાર્ષિક<br>પાટોત્સવ | મુ. શ્રી સ્વા. મંદિર - પાદરીયા, તા. જી. ભરુચ<br>સંપર્ક :- મો. ૯૯૨૫૯૨૮૦૨૨, ૯૪૨૯૪૨૭૧૦૦ |
| ૧૩. | ૧૪-૫-૨૦૧૬ થી<br>૨૦-૫-૨૦૧૬ | વૈશાખ સુદ - ૮ થી<br>વૈશાખ સુદ - ૧૪ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | મુ. શ્રી કુંજવિહારી વાડી, માંગરોળ રોડ, કેશોદ.<br>સંપર્ક :- મો. ૯૯૭૮૭૦૯૦૦૯ |
| ૧૪. | ૧૫-૫-૨૦૧૬ થી<br>૨૧-૫-૨૦૧૬ | વૈશાખ સુદ - ૯ થી<br>વૈશાખ સુદ - ૧૫ | વક્તા : પૂ. સ્વામી<br>શ્રી પૂર્ણસ્વરૂપદાસજી | મુ. દેવનિકેતન આશ્રમ, ભુપતવાલા, હરિદ્વાર (ઉત્તરાખંડ)<br>સંપર્ક :- મો. ૦૯૩૨૨૭૫૩૦૫૨, ૯૩૨૪૨૪૯૫૩૨ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

# ભવ્ય મહાકુંભ દર્શન મહોત્સવ - ઉજ્જૈન

:: પ્રારંભ ::
તા. ૨૨-૪-૨૦૧૬

**શ્રી સ્વામિનારાયણ અન્નક્ષેત્ર તથા અખંડ સત્સંગ જ્ઞાનયજ્ઞ**

:: પૂર્ણાહુતિ ::
તા. ૨૧-૫-૨૦૧૬

**આયોજક** :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિરન્નમુક્તદાસજી (વકીલ સ્વામી) વડતાલ. મો. ૯૪૨૭૮૫૩૨૩૪

**સ્થળ** : સિંહસ્થ કુંભ મેળો, પ્લોટ નં. ૨૧૭, ઉજડ ખેડા, બડનગર રોડ, ઉજ્જૈન (મધ્યપ્રદેશ)

ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - ભાવનગર આયોજીત

# અભયદાન સત્સંગ રવિસભા

:: સમય :: સાંજે ૫.૦૦ થી ૭.૦૦

વ્હાલા ભક્તજનો ! તાજેતરમાં જ ભાવનગર શહેરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળો દ્વારા ભવ્ય શિલાન્યાસવિધિ યોજાયો. તે જ દિવસથી મંદિરની નિર્માણકાર્ય અને સત્સંગ કથાવાર્તાની શરૂઆત થઈ ગઈ. દર રવિવારે મંદિરના પટાંગણના ભવ્ય સત્સંગ સભાનું આયોજન કરવામાં આવે છે. જેમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તેમજ પૂ. સંતો-પાર્ષદો પધારી સત્સંગ કથાવાર્તાનો અમૂલ્ય લ્હાવો આપે છે, તો ભાવનગર વિસ્તારના દરેક ભક્તજનોને લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

**દરરોજ કથાવાર્તા** ॥ સવારે ૭.૦૦ થી ૭.૪૫ રાત્રે ૮.૦૦ થી ૮.૩૦ **આરતી સમય :- શણગાર** : સવારે ૬.૩૦ **સંધ્યા** : સાંજે ૭.૦૦

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર' માર્કેટીંગ યાર્ડની સામે, ચિત્રા, ભાવનગર**

**સંપર્ક :- કો. પા. અક્ષય ભગત** - મો. ૯૦૯૯૯૯૯૬૪૫ **પા. સર્વમંગલ ભગત** - મો. ૯૦૯૯૯૯૯૬૩૦

ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - મહુવા આયોજીત

# અભયદાન સત્સંગ પૂનમ-સભા

:: સમય :: સવારે ૯.૦૦ થી ૧૨.૦૦

**વિશેષ સત્સંગ સભા** :- દર રવિવારે તથા દર એકાદશી : રાત્રે ૯.૦૦ થી ૧૧ **દરરોજ કથાવાર્તા** ॥ સવારે ૭.૩૦ થી ૮.૦૦ રાત્રે ૮.૦૦ થી ૮.૪૫

**આરતી સમય :- મંગળા** : ૫.૪૫ **શણગાર** : ૭.૧૫ **રાજભોગ** : ૧૧.૧૫ **સંધ્યા** : ૭.૦૦ **શયન** : ૮.૪૫

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર' ખારગેટ, મહુવા, જી. ભાવનગર**

**સંપર્ક :- કો. પા. સાગર ભગત** - મો. ૯૦૯૯૯૯૯૬૨૨ **પા. જનમંગલ ભગત** - મો. ૯૦૯૯૯૯૯૬૩૫

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ડોંબીવલી

॥ **સત્સંગ સભા** ॥ દર રવિવાર : સાંજે ૫.૦૦ થી ૭.૦૦

**દરરોજ કથાવાર્તા** ॥ સવારે ૭.૪૫ થી ૮.૩૦ રાત્રે ૮.૦૦ થી ૮.૩૦

**આરતી સમય :- શણગાર** : સવારે ૭.૦૦ **સંધ્યા** : સાંજે ૭.૦૦

**સ્થળ** : રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં, ડોંબીવલી (ઈ)

## શ્રી સ્વામિનારાયણ મંદિર - સિમાડા, યોગીચોક

॥ **સત્સંગ સભા** ॥ દર મંગળવાર : રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦

**દરરોજ કથાવાર્તા** ॥ સવારે ૭.૦૦ થી ૭.૪૫ રાત્રે ૮.૦૦ થી ૮.૩૦

**આરતી સમય :- શણગાર** : સવારે ૬.૩૦ **સંધ્યા** : સાંજે ૭.૦૦

**સ્થળ** : રાધે પાર્ક રોડ, યોગીચોક, સિમાડા, સુરત.

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: તારીખ :: ૬-૩-૨૦૧૬

# ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૭૬૦૦૦૮૫૦૩



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

પધારો યોગીચોક

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

પધારો સિમાડા

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી આયોજીત

# શ્રી જગન્નાથપુરી મહોત્સવ

સુરત 2016 અંતર્ગત



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ



શ્રી જગન્નાથજી ભગવાન

## શ્રીમદ્ ભાગવત કથા પારાયણ



અધ્યક્ષશ્રી

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

• પ્રારંભ •
તા. ૨૮-૩-૨૦૧૬

॥ કથા સમય ॥
સાંજે - ૦૩:૦૦ થી ૦૬:૦૦
રાત્રે - ૦૮:૩૦ થી ૧૧:૩૦

• પૂર્ણાહુતિ •
તા. ૦૫-૪-૨૦૧૬



ઉપાધ્યક્ષશ્રી

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

શુભેચ્છક : KHANTIL.com World's Best Ethnic Store

નોંધ :- સંહિતાપાઠ (પોથી પારાયણ)માં લાભ લેવા સંપર્ક કરો.
મો. ૯૦૯૯૯૯૯૬૨૧, ૮૦૦૦૦૫૮૫૦૩

લાઈવ પ્રસારણ હમારા લક્ષ્ય

**સ્થળ : હરિકૃષ્ણ ગ્રાઉન્ડ, શ્રી સ્વા. મંદિર યોગીચોક-સિમાડાની બાજુમાં, રાધેપાર્ક રોડ, સુરત.**

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

પધારો રાજકોટ

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

પધારો રાજકોટ

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી આયોજીત

# શ્રી જગન્નાથપુરી મહોત્સવ

રાજકોટ 2016 અંતર્ગત



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ



શ્રી જગન્નાથજી ભગવાન

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ



:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

॥ કથા સમય ॥
સાંજે - ૦૩:૦૦ થી ૦૬:૦૦
રાત્રે - ૮:૩૦ થી ૧૧:૩૦

:: તારીખ ::
૧૩ થી ૨૧
એપ્રિલ - ૨૦૧૬



:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**મહોત્સવ સ્થળ "શ્રી જગન્નાથ ધામ", લાલબહાદુર સોસાયટી, પીપળીયા હોલવાળા રોડના છેડે, કોઠારીયા રોડ, રાજકોટ.**

પિતૃ-પારાયણ માટે સંપર્ક

પૂ. પતિતપાવન સ્વામી – મો. ૭૬૦૦૦૫૮૫૦૫, મહેન્દ્રભાઈ પાટડીયા – મો. ૯૪૨૬૨૨૯૫૫૮,
કરશનભાઈ ઢાંકેચા – મો. ૯૪૨૬૭૮૧૧૭૯, વિશાલ પટેલ – મો. ૯૮૭૯૭૧૨૭૬૮

લાઈવ પ્રસારણ હમારા લક્ષ્ય

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ



**સાધુ યોગેશ્વરદાસજી,** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ આજ્ઞાથી સરધાર નિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના કૃપાપાત્ર શિષ્ય **પૂ. સ્વામી યોગેશ્વરદાસજી**એ

તે હિન્દુ ધર્મની ધરોહર સમી દેવભાષા એટલે કે **સંસ્કૃત** ભાષાનાં **નવ્યવ્યાકરણ, નવ્યન્યાય, વેદાંત**માં **શાસ્ત્રી** (B.A.)નો ખૂબજ સારા ગુણ પ્રાપ્ત કરી અભ્યાસ પૂર્ણ કર્યો.

તે ત્યારબાદ **નવ્યવ્યાકરણ, નવ્યન્યાય આચાર્ય** (M.A.)ના અભ્યાસમાં **શ્રેષ્ઠ વર્ગ** (Distinction) પ્રાપ્ત કરી વેદાંત આચાર્ય (M.A.) પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં **પ્રથમ ક્રમે** આવી ગુજરાત રાજ્ય રાજ્યપાલશ્રી દ્વારા **બે ગોલ્ડમેડલ** પ્રાપ્ત કર્યા.

તે વિશેષ કારકિર્દીમાં સંસ્કૃત ભાષાના મુખસમા એવા વ્યાકરણનો શિરમોડ ગ્રંથ ભગવાન પતંજલિ રચિત મહાભાષ્ય ઉપર ૬૦૦ પેજમાં શોધગ્રંથ રચી તેમણે માત્ર અઢી વર્ષના ટૂંકા સમયગાળા દરમ્યાન **વિદ્યાવારિધી** (Ph.D)નો અભ્યાસ પૂર્ણ કર્યો.

આ વિદ્યાવારિધી ઉપાધિ તા. ૭-૨-૨૦૧૬ રવિવારના રોજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવેલ વાર્ષિક પદવીદાન સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ **માન. શ્રી ઓ.પી. કોહલી સાહેબશ્રી**ના વરદ્ હસ્તે **'ડોક્ટર'** ડીગ્રી પ્રાપ્ત કરી તથા અતિથિ વિશેષ એવા માન. શ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી - ગુજરાત), માન. શ્રી જશાભાઈ બારડ (કૃષિમંત્રી - ગુજરાત), પ્રો. શ્રી અર્કનાથ ચૌધરી (કુલપતિશ્રી, સો.સં.યુ), પ્રો. શ્રી રામકરણ શર્મા (સારસ્વત અતિથિ), માન. શ્રી પંકજભાઈ જાની (પૂર્વ કુલપતિશ્રી, સો.સં.યુ.) તથા ડૉ. દશરથ જાદવ (કુલસચિવ, સો.સં.યુ) અને સમગ્ર ભારતના મહાનુભાવ વિદ્વાનોની ઉપસ્થિતિમાં શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ - જૂનાગઢ દ્વારા વ્યાકરણ વિષયમાં કરવા બદલ **વિશેષ સન્માન** અર્થે પ્રમાણપત્ર, મેડલ,, રોકડ પુરસ્કાર તથા વ્યાકરણભાષ્ય ગ્રંથ આપીને પણ સવિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ રીતે પૂ. યોગેશ્વરદાસજી સ્વામીએ સમગ્ર સંપ્રદાય, ધર્મકુળ પરિવાર તથા સંતમંડળનો રાજીપો પ્રાપ્ત કરી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધારેલ છે.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**અયોધ્યા ધામ**ને આંગણે

પ.પૂ. બાળલાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ. બાળલાલજી
શ્રી દિગ્વિજયેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો

શુભ **ચૌલ સંસ્કાર મહોત્સવ**

**તારીખ :- ૨૫-૨-૨૦૧૬, મહા વદ - ૩**

**સમય** સવારે ૮:૦૦ થી ૧:૦૦

**નિમંત્રક :- શ્રીહરિ સ્મૃતિ સહ સમગ્ર ધર્મકુળ પરિવાર વતી**

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. નાનાલાલજીશ્રી **પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**આયોજક :- પ.પૂ. બાળલાલજી ચૌલ સંસ્કાર મહોત્સવ વ્યવસ્થા સમિતિ (વડતાલ પ્રદેશ)**

**શુભ સ્થળ શ્રી હનુમાનગઢી, અયોધ્યા (ઉત્તરપ્રદેશ)**





**સત્કાર સમારોહ**

**તારીખ** ૬-૩-૨૦૧૬ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦

**સ્થળ** **શ્રી રઘુવીર વાડી - વડતાલ**

સંપર્ક :- **પૂ. ઘનશ્યામ સ્વામી** - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ **પૂ. સર્વમંગલ સ્વામી** - મો. ૯૪૨૭૮૫૪૦૮૦, ૮૦૦૦૨૯૪૫૩૩




તીર્થધામ ગઢડાને આંગણે શ્રી ગોપીનાથજી મહારાજના સાન્નિધ્યમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના
રૂડા આશીર્વાદથી, પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ઉજવાયેલ
પૂ. બાળલાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો 'જયો જન્મોત્સવ' (તા. ૪-૨-૨૦૧૬)




પાદરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની
ઉપસ્થિતિમાં ઉજવાયેલ પૂ. બાળલાલજી શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો 'જયો જન્મોત્સવ'
તથા 'ભવ્ય શાકોત્સવ-સત્સંગસભા' (તા. ૬-૨-૨૦૧૬)




જૂનાગઢ પ્રદેશના ધારી ગુંદાળી (તા.ભેંસાણ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૬ થી ૩૦-૧-૨૦૧૬)




જૂનાગઢ પ્રદેશના રાણસીકી (તા. ગોંડલ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં બગસરાનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૯ થી ૧૫-૨-૨૦૧૬)











वयं, श्रीसोमनाथसंस्कृतयुनिवर्सिटी इति विश्वविद्यालयस्य कुलाधिपतिः, कुलपतिः,
कार्यकारिणीपरिषदः सदस्याश्च प्रमाणीकुर्मः यत्
स्वामी योगेश्वरदासजी गुरु स्वामी नित्यस्वरुपदासजी
नाम छात्रः / छात्रा व्याकरण विद्याशाखायां
विद्यावारिधिः
इत्युपाधिना समलङ्कृतः ।
तस्मै / तस्यै विक्रमसंवत्-२०७२ पौषकृष्णचतुर्दश्यां तदनुसारं
षोडशोत्तरद्विसहस्रतमस्य ईसवीयवर्षस्य फरवरी-सप्तम-दिनाङ्के
वेरावल-सोमनाथे विद्यावारिधिपदवी प्रदीयते ।
यत्साक्ष्ये उक्तविश्वविद्यालयस्य मुद्रा कुलाधिपतेः
हस्ताक्षराणि च संश्लिष्टानि सन्ति ।

We, the Chancellor, Vice Chancellor and Members
of the Executive Council of the
Shree Somnath Sanskrit University
certify that the degree of
Doctor of Philosophy
in the subject of Sanskrit under Faculty of Vyakaran
has been conferred on the Seventh Day of the Month of February
in the year two thousand and sixteen.
At Veraval on
Swami Yogeshwardasji Guru Swami Nityaswarupdasji
Who has been found duly qualified for the same.
In Testimony whereof are set the seal of
the said University and the signature of the said Chancellor.

O.P. Kohli



श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयः
वेरावलम्, गीर-सोमनाथ-जनपदम्, गुजरातम्

सम्मानपत्रम्

श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयः-वेरावलम्,
श्रीगोपालकृष्णट्रस्ट-जूनागढ इत्यनयोः संयुक्तोपक्रमेण
व्याकरणशास्त्रे २०१४-१५ तमे शैक्षणिकवर्षे
"ब्रह्मदत्तजिज्ञासुना विरचितस्य अष्टाध्यायीभाष्य प्रथमाध्यायस्य
प्रथमपादस्य महाभाष्यदृष्ट्या समीक्षात्मकमध्ययनम्' इति विषये
विद्यावारिधि इत्युपधिप्राप्तये शोधप्रबन्धं प्रस्तुतवते
स्वामी योगेश्वरदासजीमहोदयाय
पदवीदानसमारोहावसरे ०७/०२/२०१६ तमे दिनाङ्के
(श्रीमती मणिबेन हीरजी-जादवजीभाईभट्टस्य
श्रीमती सरस्वतीबेन जयन्तीलाल हीरजीभाईभट्टस्य च स्मृत्यां)
श्रीगोपालकृष्णट्रस्ट-जूनागढ-सहकारेण
"श्रीमती सरस्वतीबेन जयन्तिलाल भट्टपुरस्कारः-२०१६'
प्रदीयते ।

| | |
|---|---|
| मेनेजिंग ट्रस्टी | कुलपतिः |
| श्रीगोपालकृष्णट्रस्ट | श्रीसोमनाथसंस्कृतविश्वविद्यालयः |
| जुनागढ | वेरावलम् |

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવેલ વાર્ષિક પદવીદાન સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ **માન. શ્રી ઓ.પી. કોહલી સાહેબશ્રી**ના વરદ્ હસ્તે **'ડોક્ટર'** ડીગ્રી પ્રાપ્ત કરતા **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી** તથા **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના કૃપાપાત્ર શિષ્ય **પૂ. સ્વામી યોગેશ્વરદાસજી.** (તા. ૭-૨-૨૦૧૬) વધુ અહેવાલ અંદરના પેજ નં. ૨૮ ઉપર

Swaminarayan Chintan, February - 2016 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2016_RNI No. GUJGUJ-2013/47868


૧


૨


3


૪


૫


૬


૭


૮


૯

**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ભાવનગરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો 'મંગલ શિલાન્યાસ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૧ થી ૧૯-૧-૨૦૧૬)**

૧-૨-૩. ભાવનગરના રાજમાર્ગ ઉપર નીકળેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય સ્વાગત શોભાયાત્રા. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરતા મંદિરના પ્રયોજક તથા વક્તા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. ૫. મહોત્સવમાં પધારેલ પૂ. સંતો. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રી સમક્ષ ગઢડા-જૂનાગઢ ટેમ્પલ બોર્ડ ટ્રસ્ટીમંડળના સભ્યો. ૭-૮-૯. મહોત્સવનો લાભ લેવા પધારેલ વિશાળ સંખ્યામાં હરિભક્ત સમુદાય.

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007